RNI No.: GUJGUJ/2014/59295
www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 112* Date: 18.02.2021 Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### મથુરા જેલમાં મહિલા કેદી શબનમને ફાંસી અપાશે, તૈયારીઓ શરૂ

# આઝાદી બાદ પ્રથમ વખત મહિલાને ફાંસી આપવામાં આવશે

### અમરોહાની શબનમે ૨૦૦૮માં પ્રેમી સાથે મળી અડચણરૂપ બનેલ પરિવારના ૭ લોકોની કુહાડીથી કાપી હત્યા કરી હતી, સુપ્રિમ કોર્ટે નીચલી કોર્ટના ચુકાદાને યથાવત્ રાખ્યો, રાષ્ટ્રપતિએ પણ અરજી ફગાવી



મથુરા,તા.૧૭

મથુરાની જેલમાં મહિલાને ફાંસી આપવાની તૈયારી જેલ પ્રશાસને શરૂ કરી દીધી છે. આ ફાંસી અમરોહાની રહેનારી મહિલા શબનમે અપાઈ શકે છે. તેણે એપ્રિલ ૨૦૦૮માં પ્રેમી સલીમની સાથે મળીને પોતાના જ ૭ પરિવારના સભ્યોની કુહાડીથી કાપીને હત્યા કરી હતી. મથુરા જેલ પ્રશાસનને દોરડાન ઓર્ડેર આપ્યો છે. નિર્ભયા કાંડના દોષીઓને ફાંસી પર લટકાવનાર પવન જલ્લાદે ફાંસી ઘરની મુલાકાત પણ લીધી છે. જોકે ફાસીની તારીખ હજી સુધી નક્કી કરવામાં આવી નથી. જો શબનમે ફાંસી થાય છે તો આ આઝાદ ભારતનો પ્રથમ મામલો હશે.

જોકે દોષિત શબનમે સુપ્રીમ કોર્ટના ચુકાદાને પડકાર્યો હતો. જ્યાં સુપ્રીમ કોર્ટ નીચલી કોર્ટના ચુકાદાને યથાવત રાખ્યો છે. તે પછી શબનમ-સલીમે રાષ્ટ્રપતિને દયા અરજી મોકલી હતી. જોકે રાષ્ટ્રપતિ ભવને તેની અરજીને ફગાવી દીધી. આઝાદી પછી શબનમ પ્રથમ મહિલા કેદી હશે જેની ફાંસી આપવામાં આવશે. દેશમાં માત્ર મથુરા જેલનું ફાંસી ઘર એક માત્ર છે જ્યાં મહિલાને ફાંસી આપી શકાય છે. હાલ શબનમ બરેલી જ્યારે સલીમ આગ્રા જેલમાં છે.

મથુરા જેલમાં ૧૫૦ વર્ષ પહેલા મહિલા ફાંસીઘર બનાવવામાં આવ્યું હતું. આઝાદી પછી અત્યાર સુધીમાં અહીં કોઈ પણ મહિલાને ફાંસીએ લટકાવવામાં આવી નથી. વરિષ્ઠ જેલ અધીક્ષકના જણાવ્યા મુજબ હાલ ફાંસીની તારીખ નક્કી કરવામાં આવી નથી. જોકે અમે તૈયારી શરૂ કરી દીધી છે. દોરડા માટે ઓર્ડર આપવામાં આવ્યો છે. ડેથ વોરન્ટ ઈસ્યુ થતા જ શબનમ-સલીમને ફાંસ આપવામાં આવશે. જોકે સલીમને ફાંસી ક્યાં આપવામાં આવશે તે હજી નક્કી કરવામાં આવ્યું નથી.

અમરોહાના ગામ બાવનખેડીમાં વર્ષ ૨૦૦૮ની ૧૪-૧૫ એપ્રિલ દરમિયાન થયેલી ઘટનાને કોઈ ભૂલ્યું નથી. અહીં શિક્ષામિત્ર શબનમે રાતે પોતાના પ્રેમી સલીમની સાથે મળીને પોતાના પિતા માસ્ટર શૌકત, માં હાશમી, ભાઈ અનીસ અને રશિદ, ભાભી અંજુમ અને પિતરાઈ બહેન રાબિયાની કુહાડીથી કત્લ કરી દીધી હતી. ભત્રીજા અર્શનું ગળુ દબીને હત્યા કરી દીધી હતી. આ લોકો તેમના પ્યારના માર્ગમાં અડચણ હતા.

આ મામલમાં અમરોહા કોર્ટમાં બે વર્ષ ત્રણ મહિના સુધી સુનાવણી ચાલી હતી. જે પછી ૧૫ જુલાઈ ૨૦૧૦એ જિલ્લા જજ એસ એ હુસૈનીએ શબનમ અને સલીમને ત્યાં સુધી ફાંસીએ લટકાવવાનો આદેશ આપ્યો હતો, જ્યાં સુધી તેમનો જીવ ન નીકળે.

નિર્ભયા કાંડના દોષિતોને ફાંસી પર લટકાવનાર પવન જલ્લાદે ફાંસી ઘરની મુલાકાત પણ લીધી છે. અગાઉ પવને નિર્ભયાના દોષિતોને ફાંસીએ લટકાવ્યા હતા. નિર્ભયાના દોષિતોને ૨૦ માર્ચે ફાંસીની સજા આપવામાં આવી હતી.

### બપોરે ૧૨થી ૪ વાગ્યા સુધી રેલ રોકોનું એલાન કરાયું છે

# આજે દેશભરમાં ખેડૂતોનું રેલ રોકો આંદોલન: ચક્કાજામ કરશે



ન્યુ દિલ્હી,તા.૧૭

ખેડૂતોનુ આંદોલન છેલ્લા ત્રણ મહિનાથી ચાલુ છે. ખેડૂતોએ સ્પષ્ટ કરી દીધુ છે કે જ્યાં સુધી મોદી સરકાર ત્રણે નવા કાયદાને પાછા નહિ લે ત્યાં સુધી તે આંદોલન કરતા રહેશે. આ દરમિયાન ક્લાઈમેટ એક્ટિવિસ્ટ દિશા રવિની દિલ્લી પોલિસે ટૂલકિટ મામલે ધરપકડ કરી. જેનાથી ખેડૂતોનો ગુસ્સો વધુ ભડકી ગયો છે. આ માટે ખેડૂતોએ ૧૮ ફેબ્રુઆરીએ દેશવ્યાપી રેલ રોકો આંદોલનનુ એલાન કર્યુ છે. આ પહરેલા ખેડૂતોએ ચક્કાજામ કર્યુ હતુ. જેનાથી દિલ્લી, યુપી અને ઉત્તારાખંડને અલગ રાખવામાં આવ્યા પરંતુ રેલ રોકો આંદોલન આખા દેશમાં થશે.

સંયુક્ત ખેડૂત મોરચાના જણાવ્યા મુજબ જે સમયે ટ્રાફિક સૌથી ઓછો રહે છે એ વખતે તેમણે ચક્કાજામ કર્યુ હતુ. આ રીતે તેમણે રેલ રોકો આંદોલનની રૂપરેખા તૈયાર કરવામાં આવી છે. ૧૮ ફેબ્રુઆરીએ બપોરે ૧૨ વાગ્યાથી લઈને ૪ વાગ્યા સુધી રેલ રોકો આંદોલન થશે. ખેડૂત નેતાઓના જણાવ્યા મુજબ તેમનો હેતુ માત્ર સરકાર સુધી પોતાનો અવાજ સંભળાવવાનો છે. દિવસમાં ટ્રેનોની અવરજવર ઓછી રહે છે એવામાં તેમણે આંદોલન માટે ચાર કલાકનો સમય પસંદ કર્યો છે જેથી મુસાફરોને મુશ્કેલીનો સામનો કરવો ના પડે.

આ મામલે ભારતીય ખેડૂત સંગઠનના પ્રવકતા રાકેશ ટિકૈતે કહ્યુ કે તે રસ્તામાં ટ્રેનને નહિ રોકે. તે કાયદેસર એન્જિન પર ફૂલ-માલા ચડાવીને ટ્રેનોની અવરજવર સ્ટેશન પરથી બંધ કરાવી દેશે. મુસાફરોને મુશ્કેલી ન થાય તે માટે તેમને ચા-નાસ્તો ખેડૂતો તરફથી આપવામાં આવશે. વળી, બીજી તરફ ખેડૂતોના રેલ રોકો આંદોલનને જોતા જીઆરપી અને આરપીએફ એલર્ટ પર છે. બધા જવાનો અને અધિકારીઓન રજાઓ રદ કરી દેવામાં આવી છે. જ્યાં જ્યાં સ્થિતિ તણાવપૂર્ણ થઈ શકે છે ત્યાં વધુ જવાનોને તૈનાતી કરવામાં આવી રહી છે.

ટ્રેનોના રૂટમાં ફેરફાર

ખેડૂત આંદોલનનો સૌથી વધુ પ્રભાવ પંજાબમાં જોવા મળી રહ્યો છે. જેના કારણે રેલવેએ નાંદેડ અમૃતસર એક્સપ્રેસને ચંદીગઢ સુધી જ લઈ જવાનો નિર્ણય કર્યો છે. આ ઉપરાંત અમૃતસર-નાંદેડ એક્સપ્રેસ પણ અમૃતસરની જગ્યાએ ચંદીગઢથી ચાલશે. વળી, કોરબા-અમૃતસર એક્સપ્રેસને અંબાલા સ્ટેશન પર ટર્મિનેટ કરી દેવામાં આવશે. સાથે જ અમૃતસરથી કોરબા જતી ટ્રેન અંબાલાથી જ શરૂ થશે.

### સરકારે ટેલિકોમ કંપનીઓ માટે ૧૨,૦૦૦ કરોડની પ્રોડક્શન લિંક્ડ સ્કીમ જાહેર કરી

# ટેલિકોમ સેક્ટરને બૂસ્ટર ડોઝ: PLI સ્કીમને મોદી કેબિનેટની મંજૂરી

ન્યુ દિલ્હી,તા.૧૭

મોદી સરકારે આજે યોજાયેલ કેબિનેટ બેઠકમાં ટેલિકોમ સેક્ટરને રાહત આપી છે. સરકારે ગત વર્ષે જાહેર કરેલ પીએલઆઈ સ્કીમનો ફાયદો ટેલિકોમ સેક્ટરને આપવાની મંજૂરી આપી છે. કેબિનેટ બેઠકમાં ટેલિકોમ સેક્ટરને પ્રોડ્ક્શન લિંક્ડ ઈન્સેન્ટિવ સ્કીમનો ફાયદો આપવાની પરવાનગી આપી છે. કેન્દ્રીય મંત્રીમંડળે ૧૧મી નવેમ્બરના રોજ યોજાયેલી બેઠકમાં ૧૦ સેક્ટરમાં પ્રોડક્શન લિંક્ડ ઈન્સેન્ટિવ લાગુ કરવાના પ્રસ્તાવને મંજૂરી આપી હતી. આજની બેઠકમં ટેલિકોમ અને નેટવર્કિંગ ડિવાઈસ માટે પીએલઆઈ યોજનાને મંજૂરી આપી છે. ટેલિકોમ કંપનીઓ માટે સરકારે ૧૨,૦૦૦ કરોડની આ પ્રોડકશન લિંક્ડ સ્કીમ જાહેર કરી છે.

કેબિનેટ બેઠક અંગે જાણકારી આપતા ઈલેકટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રી રવિશંકર પ્રસાદે કહ્યું કે ઘરેલું ઉત્પાદનક્ષમતા વધારવા, મેક ઈન્ડિયા અંતર્ગત રોજગાર સર્જન માટે આ સ્કીમનો ફાયદો ટેલિકોમ ડિપાર્ટમેન્ટને પણ આપવામાં આવશે. રૂ. ૧૨,૧૯૫ કરોડની આ સ્કીમનો લાભ કંપનીઓને આગામી ૫ વર્ષ સુધી મળશે. પ્રસાદે કહ્યું કે પીએલઆઈ સ્કીમ ૧લી એપ્રિલ, ૨૦૨૧થી લાગુ થશે. વિગતવાર માહિતી આગામી ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે. સરકાર હવે ઘરેલું લેવલે જ લેપટોપ, કોમ્પ્યુટર અને ટેબલેટ બનવામાં આ સ્કીમ થકી મદદ કરશે. આ સિવાય ૫જી બેઝ સ્ટેશન, એન્ટીના અને રાઉટર્સના ઘરેલું ઉત્પાદનમાં મદદ થશે.

સરકારની પાંચ વર્ષની આ ૧૨,૧૯૫ કરોડની પીએલઆઈ સ્કીમથી ટેલિકોમ સેક્ટરના પ્રોડ્કશનમાં ૨.૪ લાખ કરોડનો વધારો થવાની સંભાવના પ્રસાદે વ્યકત કરી છે. નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ને બેઝ વર્ષ તરીકે ગણવામાં આવશે.

જોકે મહત્વની વાત એ છે કે કોરોના મહામારી સમય દરમિયાન સરકારે આ જ પ્રકારની એક પીએલઆઈ સ્કીમ અમલમાં મુકી હતી,જેનો ઉદ્દેશ્ય મોબાઈલ અને અન્ય કોમ્પોનેન્ટના ઉત્પાદનને વેગ આપવાનો હતો.

આ સિવાય સરકારે ૧લી માર્ચ, ૨૦૨૧થી ૫જી સ્પેકટ્રમ માટે હરાજી શરૂ કરવાની તૈયારી આદરી છે. છઠ્ઠા તબક્કામાં ૩.૯૨ લાખ કરોડના સ્પેકટ્રમ માટે બોલી મંગાવવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે ચાર વર્ષના લાંબાગાળા બાદ આ ઓકશન થવા જઈ રહ્યું છે.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા:૨૭૮

રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૨૬૬૦૩૪

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૦૧

રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૨૭૩

ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૨૬૦૦૨૮

### એક જ એપાર્ટમેન્ટમાં એક સાથે ૧૦૩ લોકો કોરોનાથી સંક્રમિત

# બેંગ્લુરુમાં એક કોલેજમાં ૪૦ વિદ્યાર્થીઓ કોરોના પોઝિટિવ મળી આવતા ખળભળાટ

બેંગ્લુરુ,તા.૧૭

કેરળમાં કોરોનાના વધતા કેસ વચ્ચે હવે કર્ણાટકમાં પણ કોરોના બ્લાસ્ટ જોવા મળ્યો છે. અહીં એક કોલેજના ૪૦ વિદ્યાર્થીઓ કોરોના સંક્રમિત થયા છે. આ ઉપરાંત એક અપાર્ટમેન્ટમાં એક સાથે ૧૦૩ લોકો કોરોના સંક્રમિત થયા છે.

બેંગલુરુની મંજુશ્રી કોલેજ ઓફ નર્સિંગના ૨૧૦ વિદ્યાર્થીઓમાંથી ૪૦ વિદ્યાર્થીઓનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. જેમાંથી ૧૮ વિદ્યાર્થીઓને વિક્ટોરિયા હોસ્પિટલમાં દાખલ કરાયા છે. જ્યારે અન્ય વિદ્યાર્થીઓને હોસ્ટેલમાં સેલ્ફ આઈસોલેશનમાં રખાયા છે. મોટાભાગના વિદ્યાર્થીઓ કેરળના છે. આ બાજુ બેંગલુરુના જ બોમનહલ્લીમાં એસએનએન રાજ લેકવ્યૂ અપાર્ટમેન્ટના ૧૦૩ લોકો કોરોના સંક્રમિત મળી આવતા હડકંપ મચી ગયો છે. જેમાંથી ૯૬ લોકોની ઉંમર ૬૦ વર્ષથી વધુ છે. હાલમાં જ આ એપાર્ટમેન્ટમાં પાર્ટી થઈ હતી અને ત્યારબાદ આ લોકોની કોરોના તપાસ કરવામાં આવી. જેમાંથી આટલા મોટા પાયે લોકો કોરોના સંક્રમિત થયા છે.

બેંગલુરુ મહાનગરપાલિકા કમિશનરે આ વાતની જાણકારી આપી. તેમણે કહ્યું કે આ દિશામાં જરૂરી પગલાં લેવાઈ રહ્યા છે. કોરોના સંક્રમિતોમાં ૯૬ તો એવા લોકો છે જેમની ઉંમર ૬૦ વર્ષથી વધારે છે. જેને લઈને ભારે ચિંતા છે. સ્વાસ્થ્ય કર્મીઓ વૃદ્ધોની સાથો સાથ ગર્ભવતી મહિલાઓ પર પણ નજર રાખી રહ્યાં છે. જોકે આ આખી ઘટના સામે આવતા આખા વિસ્તારમાં ડરનો માહોલ છે. કારણ કે આ સંક્રમિતો આસપાસના વિસ્તારમાં બિંદાસ્ત રીતે ફર્યા હતા. ભલે આ બધુ અજાણતા જ થયુ હોય પરંતુ લોકો ભયના ઓથાર હેઠળ છે.

કોરોનાના નવા કેસ સામે આવ્યા બાદ કર્ણાટકે કેરળથી આવતા લોકોને લઈને સતર્કતા વધારી છે. રાજ્ય પ્રશાસનના જણાવ્યાં મુજબ કેરળથી કર્ણાટકની હોટલ, રિઝોર્ટ, હોસ્ટેલ અને કોઈ પણ ઘરમાં રોકાવવા માટે ૭૨ કલાક પહેલા નેગેટિવ આરટી-પીસીઆર રિપોર્ટ હોવો જરૂરી છે.

### વિધેયકના સમર્થનમાં ૩૪૭ અને વિરોધમાં ૧૫૧ મત પડ્યા

# ફ્રાન્સમાં આતંકવાદ-ચરમપંથી ઘટનાઓ પર રોક લગાવવા સરકારે વિધેયક પસાર કર્યુ

પેરિસ,તા.૧૭

દેશમાં આતંકવાદ અને ચરમપંથી ઘટનાઓ પર રોક લગાવવા માટે ફ્રાંસની સરકાર એક વિધેયક પસાર કર્યું છે. નેશનલ એસેમ્બલીમાં પસાર આ વિધેયકમાં મુખ્યરીતે શહેર અને ગામોમાં ઈસ્લામી ચરમપંથીઓના ફેલાવાને રોકવા માટેની વ્યવસ્થા કરવામાં આવી છે. ફ્રાંસની સરકારનું કહેવું છે કે ઈસ્લામી ચરમપંથથી તેની રાષ્ટ્રીય એકતાને ખતરો બનેલો છે. જોકે આ વિધેયકમાં કોઈ ખાસ ધર્મનો ઉલ્લેખ નથી કરવામાં આવ્યો પરંતુ તેમાં જબરદસ્તીથી લગ્ન અને વર્જિનિટિ ટેસ્ટ જેવા પ્રથાઓ સામે કાર્યવાહીની જોગવાઈ કરવામાં આવી છે.

મીડિયા રિપોર્ટ પ્રમાણે જો કોઈ વ્યક્તિ ઓનલાઈન હિંસાને પ્રાત્સાહન આપતો જણાશે તો સરકાર તેની સાથે સખ્ખાઈ વર્તશે. એટલું જ નહી વિધેયકમાં ધાર્મિક સંગઠનોનું મોનિટરિંગ સખ્ત કરવા અને મુખ્યધારાની શાળાઓથી બહારના વિદ્યાર્થીઓને શિક્ષણ આપનારા સંસ્થાનો પર સખ્ત નિયમો અને શરતો લગાવવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

તુર્કી, કતાર અને સાઉદી અરબથી મસ્જિદોને થતું ફંડિંગ પર ચિંતા વ્યક્ત કરતા ધાર્મિક સંગઠનને વિદેશથી મળતા ફાળાની જાણકારી અને પોતાના બેંક ખાતાને પ્રમાણિત કરવા કહેવામાં આવ્યું છે.

આ વિધેયકના સમર્થનમાં ૩૪૭ સાંસદોએ મત આપ્યો જ્યારે વિપક્ષમાં ૧૫૧ મત પડ્યા. મતદાન દરમિયાન ૬૫ સભ્યો ગેરહાજર રહ્યાં. એસેમ્બલી પાસે આ વિધેયક પસાર થયું છે હવે તે સીનેટ સામે રજુ થશે. ફ્રાંસમાં આ વિધેયકનો વિરોધ પણ શરૂ થઈ ચુક્યો છે.

ફ્રાંસમાં મુસ્લિમ સમુદાયની વસ્તી પચાસ લાખ થવાનું અનુમાન છે. હાલના સમયમાં આ દેશને ઘણાં ઈસ્લામી આતંકવાદી હુમલાઓ અને ચરમપંથી ઘટનાઓનો સામનો કરવો પડ્યો છે. ફ્રાંસમાં આગામી વર્ષે રાષ્ટ્રપતિ પદ માટે ચૂંટણી થવાની છે. તેને જોઈએ માનવામાં આવે છે કે ચૂંટણીમાં રાષ્ટ્રીય સુરક્ષા એક મહત્વનો મુદ્દો હશે. નેશનલ એસેમ્બલીમાં આ વિધેયકને પસાર કરાવવામાં રાષ્ટ્રપતિ એમૈનુએલ મેક્રોની પાર્ટી પોતાનું સંપૂર્ણ જોર લગાવી દીધું છે.

## તંત્રી સ્થાનેથી...

### કોંગ્રેસને પોતાનાજ હરાવી રહ્યા છે ત્યારે ભાજપ-કોંગ્રેસને "આપ" એ દોડતા કરી દીધા.....!

દેશમાં કોરોના દર્દીઓની સાજા થવાની સંખ્યા સતત વધતી જઈ રહી છે અત્યાર સુધીમાં ૧,૦૯,૩૭,૧૦૬ દર્દીઓ સાજા થઇ ગયા છે અને ૨૪ કલાકમાં ૯૯ ના મૃત્યુ થતા મૃતાક ૧,૫૫,૯૪૯ પહોંચી ગયો છે... ત્યારે આવા સમયમાં મહારાષ્ટ્રમાં રાજ્યમા અનલોક છૂટછાટો ૪૨ દિવસ પછી ગત રવિવારે સૌથી વધુ ૪૦૯૨ નવા કોરોના કેસ નોંધાયા અને મંગળવારે ૩૬૬૩ નવા કેસ નોંધાયા છે. જ્યારે કે છેલ્લા ૭ દિવસમા દરરોજ કોરોના ના ૩૦૦૦ થી વધુ કેસ નોંધાતા મુખ્યમંત્રી ઠાકરેએ નાગરિકોને માસ્ક પહેરવા અને અંતર જાળવવાના નિયમોનું કડક પાલન કરવા નહીં તો ફરી એક વાર લોકડાઉનનો સામનો કરવા તૈયાર રહેવા જણાવ્યું હતું. લોકો નિર્ણય કરે કે લોકડાઉન ઈચ્છે છે કે અમુક પ્રતિબંધ સાથે મુક્તપણે જીવવાનું....? માસ્ક પહેરો અને ભીડથી દુર રહો નહીંતો ફરી લોકડાઉન.....આને અત્યારના આવા સમયમા દેશમાં રાજસ્થાન, પંજાબ, ગુજરાત વગેરે રાજ્યોમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ યોજાઈ રહી છે. જેમાં રાજસ્થાનમાં ચૂંટણીઓના પરિણામો આવી ગયા તેમાં ભાજપને મોટી પછડાટ મળી છે. હવે પંજાબમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં ભાજપની હાલત કફોડી બની ગઈ છે. અહીં ભાજપને ઉમેદવાર મળતા નથી કે ભાજપમાંથી ચૂંટણી લડવા તૈયાર નથી. તો જે કોઈ લડવા તૈયાર થયા તેઓ અપક્ષ ચૂંટણી લડી રહ્યા છે. પરંતુ અહીંયા કોંગ્રેસ અને અકાલી દળ વચ્ચે મોટી બઘડાટી-ધમાસાણ વધી રહ્યુ છે.... જેમાં હાથાપાઈ-પથ્થરમારા સુધીને ઘટનાઓ બની ગઈ છે. અહીં રાજસ્થાનની જેમ નવા કૃષિ કાનુન વિરોધનું ખેડૂત આંદોલન ભાજપને ભારે નડતર રૂપ બની ગયું છે તેમજ અકાલી દળે પણ ઘણા અંશે નડતર રૂપ બન્યું છે કારણ કે કેન્દ્ર સરકારમાં અકાલી દળ ભાગીદાર પક્ષ રહ્યો હતો.....!

ગુજરાતમાં કોરોના કેસ ઘટવા લાગ્યા છે પરંતુ કોરોનાનો સંપૂર્ણ સફાયો થયો નથી તે વાત લોકો સમજતા નથી જેથી લોકો માસ્ક ધારણ કરવાથી દૂર રહેવા લાગ્યા છે...તેનુ કારણ રાજનેતાઓ માસ્ક ધારણ કરતા નથી તેની અસર આમ પ્રજા પર દેખાઈ આવે છે.... અને તેના પરિણામ સામે આવ્યા છે જેમાં ખુદ રાજ્યના મુખ્યમંત્રી રૂપાણીજી તથા તેમના અંગત સચિવ, સાંસદ વિનોદ ચાવડા, પક્ષના મહામંત્રી વગેરે કોરોનાની ચપેટમાં આવી ગયા છે. તો રાજ્યમાં અનલોક છૂટછાટો આપ્યા બાદ વધુ છૂટછાટો આપતા શાળાઓ ખુલ્યા બાદ અમદાવાદના થલતેજમા આવેલી એક શાળામાં ૧૩ જેટલા વિદ્યાર્થી તેમજ જૂનાગઢની શાળામાં ૩૭ જેટલા વિદ્યાર્થી કોરોના ચપેટમાં આવી ગયા હોવાનું કહેવાય છે. આ બધું છતાં નેતાઓ અને કાર્યકરો કે ચૂંટણી પ્રચારકો માસ્ક ધારણ કરતા નથી. બીજી તરફ કોંગ્રેસમા જે રીતે ઉમેદવાર પસંદગી બાબતે રાજીનામાના ઝાપટા અનેક વિસ્તારોમા પડી રહ્યા છે અને તેમાના મોટાભાગના ભાજપમાં જોડાઈ ગયા છે ત્યારે લાગે છે કે રાજકીય પક્ષોજ પક્ષ પલટાને ઉત્તેજન આપી રહ્યા છે ત્યારે સ્પષ્ટ લાગે છે કે કોંગ્રેસને મોટું નુકસાન થઈ રહ્યું છે મતલબ આજ સુધી કોંગ્રેસને ભાજપ નથી હરાવી રહ્યો પરંતુ કોંગ્રેસને કોંગ્રેસના જ હરાવે છે.ત્યારે કેટલાક સ્પષ્ટ કારણોસર તો કેટલાક અકળ કારણોસર પાલિકા અને પંચાયતોમાં ૨૧૯ જેટલી બેઠકો પર ભાજપ બિન હરિફ થઈ ગયું છે. આ બધી રાજકીય હુંસાતુંસી જોઈને તથા મોંઘવારીમાં પીસાતી પ્રજા તંગ આવી ગઈ છે પરિણામે ભાજપ-કોગ્રેસ બંને પક્ષોથી કંટાળીને લોકો આમ આદમી પાર્ટી તરફ વળવા લાગ્યા છે. તેમાં "આપ"ની સુરત, રાજકોટ અને અમદાવાદમાં જે રોડશો, રેલીઓ, સભાઓ થયા તેમા મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા એટલે કે લોકો જબરદસ્ત આવકાર આપી રહ્યા છે....આપની સભાઓ, રેલીઓ, મતદાર મુલાકાતોને લોકો દ્વારા જબરદસ્ત આવકાર મળતા કોંગ્રેસ-ભાજપની ઊંઘ હરામ થઈ ગઈ છે અને નેતાઓ દોડતા થઈ ગયા છે.ભાજપે કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીને ચૂંટણી મેદાનમાં પ્રચારાર્થે ઉતાર્યા પરંતુ તકલીફ એ છે કે તેમની સભાઓમાં તેઓ પોતે કેન્દ સરકારની તથા કોંગ્રેસ નેતાની વાતો કરે છે પરંતુ સ્થાનિક મુદ્દાની વાતજ કરતા નથી જેને કારણે પ્રજા તેમનાથી દૂર થવા લાગી છે અને તેમની સભાઓ પાંખી હાજરીવાળી બની રહી છે. જે મોટો લોક ઈશારો લાગે છે....!

## આજે ચેન્નાઈમાં આઈપીએલના ખેલાડીઓ માટે લાગશે બોલી



*ચેન્નાઈ,તા.૧૭*

ઈન્ડિયન પ્રીમિયર લીગની આગામી સીઝન માટે ખેલાડીઓની હરાજી આવતીકાલે એટલે કે ૧૮ ફેબ્રુઆરી ગુરૂવારે ચેન્નઈમાં થવાની છે. તમામ ફ્રેન્ચાઇઝી હરાજી માટે તૈયાર છે. આ વર્ષે ૬૧ જગ્યા માટે કુલ ૨૯૨ ખેલાડીઓ હરાજી માટે મેદાનમાં છે. સૌથી વધુ બજેટ કિંગ્સ ઇલેવન પંજાબની ટીમ પાસે છે. આ વખતે કુલ ૧૨ જેટલા ખેલાડીઓની બેઝ પ્રાઇઝ બે કરોડ રૂપિયા છે, જેમાં બે ભારતીય ખેલાડીઓ સામેલ છે. તો દર વખતની જેમ આ વખતે પણ કેટલાક યુવા ખેલાડીઓ પોતાનું ભાગ્ય અજમાવી રહ્યાં છે. કોરોનાને કારણે આ વખતે મિની ઓક્શનનું આયોજન કરવામાં આલવ્યું છે. જાણો આઈપીએલ હરાજી સાથે જોડાયેલી તમામ માહિતી..

આ કાર્યક્રમ બપોરે ૩ વાગ્યે ચેન્નઈમાં શરૂ થશે. ૨૯૨ ખેલાડીઓ ૬૧ ખાલી જગ્યાઓ માટે ભાગ લેશે. આઈપીએલ ૨૦૨૧ની હરાજી માટે કુલ ૧૧૧૪ ક્રિકેટરોએ નોંધણી કરાવી હતી. ત્યારબાદ ફ્રેન્ચાઇઝીએ શોર્ટ લિસ્ટ કરીને ૨૯૨ ખેલાડીઓને ફાઇનલ કર્યા છે. જેમાં કુલ ૧૧ જેટલા ખેલાડીઓની બેઝ પ્રાઇઝ ૨ કરોડ છે, જેમાં બે ભારતીય ખેલાડીઓ પણ છે.

**હાલમાં કઈ ફ્રેન્ચાઈઝીમાં કેટલા ખેલાડીઓ છે?**

ચેન્નાઈ સુપર કિંગ્સ: ચેન્નાઈની ટીમમાં આ સમયે ૧૯ ખેલાડીઓ છે, જેમાંથી સાત વિદેશી ખેલાડી છે. CSK પાસે ૬ ખેલાડીઓનો સ્લોટ ઉપલબ્ધ છે, આ ટીમ પાસે એક વિદેશી પ્લેયર પણ ખરીદવાનો વિકલ્પ ખુલ્લો છે.

દિલ્હી કેપિટલ્સ: દિલ્હીની ટીમમાં આ સમયે ૧૭ ખેલાડી છે, જેમાંથી પાંચ ઓવરસીઝ પ્લેયર્સ છે. દિલ્હી કેપિટલ્સની ટીમ પાસે કુલ ૮ ખેલાડીઓ ખરીદવાનો સ્લોટ ઉપલબ્ધ છે, દિલ્હીની ટીમ ૩ વિદેશી ખેલાડીઓને પણ પોતાના બેડામાં સામેલ કરી શકે છે.

કિંગ્સ ઈલેવન પંજાબ: પંજાબની ટીમમાં આ સમયે ૧૬ ખેલાડી છે. ટીમમાં અનેક વિદેશી ખેલાડીઓને બહાર કરી દીધા છે, જેમાંથી હાલમાં તેના પાસે માત્ર ૩ વિદેશી ખેલાડી છે. KXIP પાસે ૯ ખેલાડીઓના સ્લોટ ઉપલબ્ધ છે, પંજાબ પાસે પાંચ વિદેશી પ્લેયર ખરીદવાનો વિકલ્પ પણ છે.

કોલકાતા નાઈટ રાઈડર્સ: કોલકાતાના બેડામાં ૬ વિદેશી ખેલાડીઓ સાથે કુલ ૧૭ ખેલાડી છે. કેકેઆર પાસે ૨ વિદેશી ખેલાડીઓ સહિત આઠ ખેલાડીઓ ખરીદવાનો સ્લોટ ઉપલબ્ધ છે.

મુંબઈ ઈન્ડિયન્સ: મુંબઈ ઈન્ડિયન્સ પાસે હાલમાં ૪ વિદેશી સાથે ૧૮ ખેલાડી છે. ટીમ પાસે ૪ વિદેશી પ્લેયર સાતે કુલ ૭ ખેલાડીઓ પર દાવ લગાવવાની તક છે.

રાજસ્થાન રોયલ્સ : રાજસ્થાનની ટીમમાં હાલના સમયમાં ૧૬ ખેલાડી (પાંચ વિદેશી ખેલાડીઓને સાથે) છે. આ વખતની IPL નીલામીમાં ટીમ પાસે કુલ નવ ખેલાડીઓનો સ્લોટ ઉપલબ્ધ છે. જેમાંથી ૩ વિદેશી ખેલાડીઓને પણ ખરીદી શકે છે.

રોયલ ચેલેન્જર્સ બેંગલુરૂ: બેંગ્લૂરૂ પાસે હાલના સમયમાં સૌથી ઓછા ખેલાડી છે. ટીમ પાસે પાંચ વિદેશી પ્લેયર સાથે કુલ ૧૪ ખેલાડી છે. IPL ૨૦૨૧ મિની ઓક્શન દરમિયાન ઈઝમ્ પાસે ૧૧ ખેલાડીઓનો સ્લોટ ઉપલબ્ધ છે, જેમાંથી ૩ વિદેશી પ્લેયરોનો સ્થાન પણ ખાલી છે.

સનરાઈઝર્સ હૈદરાબાદ: હૈદરાબાદ પાસે સૌથી વધારે ૨૨ પ્લેયર હાલમાં છે, જેમાંથી ૭ વિદેશી ખેલાડી છે. SRH માટે આ વખતની બોલીમાં માત્ર ૩ સ્લોટ ઉપલબ્ધ છે, જેમાંથી એખ વિદેશી ખેલાડીનું સ્લોટ ખાલી છે.

## નાંદીસણ ગામે અનુ. જાતિ યુવતીના વરઘોડામાં ભાઈએ માથા પર રજવાડી સાફો પહેરતા,મહિલા સરપંચના પતી -પુત્રને પેટમાં ચૂંક આવી



અરવલ્લી બ્યુરો મોડાસા

ગુજરાતમાં છેલ્લા કેટલાક વર્ષોમાં અનુસુચિત જાતિ સમાજના વરઘોડામાં ક્યાંક ઘોડા પર બેસવાના મામલે તો ક્યાંક મોજડી પહેરવા જેવી બાબતોને લઈને વરઘોડા અટક્વવામાં આવ્યા હોવાની સાથે હુમલાની ઘટનાઓ બની રહી છે ત્યારે અરવલ્લી જીલ્લામાં વધુ એકવાર વરઘોડામાં ઘર્ષણની સ્થીતી પેદા થઇ હતી જેમાં મોડાસા તાલુકાના નાંદીસણ ગામમાં યુવતીના લગ્નમાં નીકળેલ વરઘોડામાં યુવતીના ભાઈએ માથે રજવાડી સાફો પહેર્યો હોવાથી તને સાફો શોભતો નથી કહી જાતિ પ્રત્યે અપમાનિત કરી ગામમાંથી વરઘોડો પસાર થતા મહિલા સરપંચના પતી અને તેના પુત્રએ રોડ પર કારની આડશ ઉભી કરી વરઘોડો અટકાવતા ઘર્ષણની સ્થિતી પેદા થતા ભારે હોહા થતા મોડાસા રૂરલ પોલીસ તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી દલીત અગ્રણીઓ સાથે રાખી મામલો થાળે પાડવાનો પ્રયત્ન કર્યો હતો જીલ્લા પોલીસવડાએ કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે સમગ્ર ગામમાં સોમવારે રાત્રે જ ચુસ્ત પોલીસબંદોબસ્ત ગોઠવી દીધો હતો આજે જાન આવતી હોવાથી યુવતીના પરિવારજનોએ પોલીસ રક્ષણની માંગ કરતા પોલીસ કાફલો નાંદીસણ ગામે ખડકી દઈ પિતા-પુત્ર સામે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

સમગ્ર દેશમાં આઝાદીના ૭૨ વર્ષ પછી પણ અનુસૂચિત જાતિ સમાજના લોકો સતત અસ્પૃશ્યતો ભોગ બની રહી છે. કેન્દ્ર સરકાર અને રાજય સરકારની સમરસતાની સુફિયાણી વાતો વચ્ચે દલિત સમાજના લોકો રાજ્યના અનેક વિસ્તારોમાં આજે પણ આભડછેટ અને સામાજિક બહિષ્કારની અનેક કમનસીબ ઘટનાઓ સામે આવી રહી છે. અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં છેલ્લા ઘણા સમય થી જાતિગત ભેદભાવ ની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે અનુ.જાતિના લગ્નપ્રસંગે નીકળતા વરઘોડામાં બાબલો થઈ રહી છે કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાં તો અસામાજિક તત્વોના ડર થી અનુ.જાતિના લોકો પોલીસ બંદોબસ્ત વચ્ચે ભયના ઓથાર નીચે થરથરતા વરઘોડા કાઢવા મજબુર બન્યા હતા

પ્રાપ્ત માહીતી અનુસાર, મોડાસા તાલુકાનાનાંદીસણ ગામે સોમવારે રાત્રે સોમાભાઈ પરમારની દીકરીનો વરઘાડો નીકળ્યો હતો યુવતીના ભાઈ ધવલ પરમારે બહેનના લગ્નમાં રજવાડી સાફો પહેર્યો હોવાથી વરઘોડો ગામમાં પહોંચતા ગામના ચોકમાં રાસ-ગરબાની રમઝટ વચ્ચે નાંદીસણ ગામના મહીલા સરપંચનો પુત્ર ધર્મરાજસિંહ જયેન્દ્રસિંહ ચૌહાણ ત્યાં પહોંચી ધવલ પરમારને એકબાજુ લઇ જઈ તારા માથે પાઘડી શોભતી નથી મને આપી દે તમે નીચ જાતીના લોકોને પાઘડી શોભે નહીં કરી ઘર્ષણ કરતા લગ્નપ્રસંગમાં આવેલા મેઢાસણ ગામના ગીરીશભાઈ રામાભાઈ પરમાર સમજાવવા જતા તેમની સાથે લાફાવાળી કરી ધક્કામુકી કરતા ઘર્ષણની સ્થિતી પેદા થઇ હતી પુત્રના ઉપરણામાં પીતા જયેન્દ્રસિંહ પદમસિંહ ચૌહાણ દોડી આવ્યો હતો અને વરઘોડા પસાર થતા રોડ પર કાર આડી મુકી દઈ વરઘોડો અટકાવતા ભારે હોબાળો મચી ગયો હતો મહિલા સરપંચના પતિ સત્તાના મદમાં બેફામ ગાળાગાળી કરી મૂકી હતી વરઘોડામાં ઘર્ષણ થતા અનુ.જાતિ સમાજના અગ્રણીઓ અને યુવતીના પરિવારજનો મહિલા સરપંચ પતિને વારંવાર વિનંતી કરવા છતાં કાર રોડ પરથી ન હટાવતા યુવતીને ઘોડા પરથી નીચે ઉતારી ચાલતી ઘરે મોકલવાની ફરજ પડી હતી તેમ છતાં પિતા-પુત્ર દાદાગીરી કરી અનુસુચિત જાતિ સમાજને દમદાટી આપતા સમગ્ર મામલો ઉગ્ર બન્યો હતો મોડાસા રૂરલ પીઆઈ એસ.એન.પટેલ અને તેમની ટીમ નાંદીસણ ગામે પહોંચી મામલો થાળે પાડવાનો પ્રયત્ન કરતા મહિલા સરપંચના પતી ખુદ નશામાં હોવાની અને વરઘોડામાં રહેલા કેટલાક શખ્સો પણ પીધેલા હોવાની બૂમો પાડી દાદાગીરી કરતા પોલીસ મહિલા સરપંચ પતિને મોડાસા રૂરલ પોલીસ સ્ટેશને લઇ આવી હતી યુવતીના પરિવારજનો અને સમાજના અગ્રણીઓ પણ મોડાસા રૂરલ પોલીસ સ્ટેશન પહોચ્યા હતા

મોડાસા રુર પોલીસે ધવલ સોમાભાઈ પરમારની ફરિયાદના આધારે ધર્મરાજસિંહ જયેન્દ્રસિંહ ચૌહાણ અને જયેન્દ્રસિંહ પદમસિંહ ચૌહાણ (બંને.રહે-નાંદીસણ) વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા રૂરલ પોલીસે એટ્રોસીટી એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

### અગાઉ ધોરણ ૯ થી ૧૨ રબેતાબ મુજબ શરૂ થઈ ચુકી છે

## આજથી ધોરણ ૬ થી ૮ની સ્કુલો પુનઃ શરૂ થશે, શિક્ષકો આતુર



ગાંધીનગર,તા.૧૭

ગુજરાત રાજયમાં આવતીકાલથી ધોરણ ૬થી ૮ની શાળા શરૂ થવા જઈ રહી છે. ત્યારે અમદાવાદમાં કોર્પોરેશન દ્વારા સંચાલિક શાળઆમાં શિક્ષકો વિદ્યાર્થીઓને આવકારવા માટે આતુર બન્યા છે. હાસોલ પ્રાથમિક શાળા નંબર એકમાં શિક્ષકો દ્વારા જાતે શાળામાં સાફ-સફાઈ કરવામાં આવી. શાળામાં વિદ્યાર્થીઓને કોરોનાની ગાઈડલાઈન પ્રમાણે માસ્ક અને સેનેટાઈઝર સાથે પ્રવેશ આપવમાં આવશે.

ગુજરાત સરકારે ધોરણ ૧૦-,૧૧,૧૨ ના વર્ગો શરૂ કર્યા છે. બીજી તરફ સરકાર તબક્કા વાર સ્કૂલો શરૂ કરી રહી છે. ઉલ્લેખનીય છે કે શાળા પણ તમામ પ્રકારની ગાઈડલાઈન અને નિયમનો પાલન કરીને વર્ગો શરૂ કરી રહી છે.સોશીયલ ડિસ્ટનસ સાથે બાળકો ને ક્લાસમાં બેસાડવામાં આવશે, સ્કુલ એ આવતા બાળકોને સેનેટાઇઝ કરી માસ્ક આપવામાં આવશે.

૧૧ જાન્યુઆરીથી ધોરણ ૧૦ અને ૧૨ અને પોસ્ટ ગ્રેજ્યુએટ ,અન્ડર ગ્રેજ્યુએટ છેલ્લા વર્ષ શિક્ષણ શરૂ થયા છે, ગુજરાત રાજ્યની તમામ બોર્ડ જ્ઞ્ઘજ્ઞ્ બોર્ડ સહિત તમામ બોર્ડ ને લાગુ પડશે નિર્ણય,: કેન્દ્ર સરકાર ની ર્જ હેઠળ અમલ થશે. તમામ શાળાએ કોરોના ગાઈડ લાઈનનું ચુસ્તપણે પાલન કરવું પડશે.

## બૅન્કોના ખાનગીકરણ માટે મોદી સરકાર ખરડા રજૂ કરાશે

ન્યુ દિલ્હી,તા.૧૭

જાહેર ક્ષેત્રની બૅન્કોના ખાનગીકરણને સરળ બનાવવા સરકાર આ વર્ષના અંત સુધીમાં બે સુધારા ખરડા રજૂ કરે તેવી શક્યતા છે.સૂત્રોના જણાવ્યા અનુસાર જાહેર ક્ષેત્રની બૅન્કોના ખાનગીકરણ માટે બૅન્કિંગ કંપનીસ (ઍક્વિઝિશન ઍન્ડ ટ્રાન્સફર ઑફ અન્ડરટૅકિંગ્સ) ઍક્ટ, ૧૯૭૦ તેમ જ બૅન્કિંગ કંપનીસ (ઍક્વિઝિશન ઍન્ડ ટ્રાન્સફર ઑફ અન્ડરટૅકિંગ્સ) ઍક્ટ, ૧૯૮૦માં સુધારા કરવાની જરૂર છે.આ કાયદાને કારણે બે તબક્કામાં બૅન્કોનું ખાનગીકરણ થઈ શકશે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે બૅંકોના ખાનગીકરણ માટે આ કાયદાની જોગવાઈઓમાં ફેરફાર કરવાની જરૂર છે.આ સુધારા ખરડા સંસદના ચોમાસુ સત્રમાં અથવા ત્યાર બાદ વરસના અંતે સંસદમાં રજૂ કરવામાં આવે તેવી શક્યતા હોવાનું તેમણે કહ્યું હતું.હાલ ચાલી રહેલા સંસદના બજેટ સત્રમાં નાણાં ખરડા ૨૦૨૧, સપ્લીમેન્ટરી ડિમાન્ડ્સ ફૉર ગ્રાન્ટ્સ ફૉર ૨૦૨૦-૨૧ અને સંબંધિત ઍપ્રોપ્રિયેશન બિલ, નેશનલ બૅન્ક ફૉર ફાઈનાન્સિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઍન્ડ ડૅવલપમેન્ટ બિલ ૨૦૨૧, ક્રિપ્ટોકરન્સી ઍન્ડ રૅગ્યુલેશન ઑફ ઑફિશિયલ ડિજિટલ કરન્સી બિલ, ૨૦૨૧ સહિત જુદા જુદા ૩૮ ખરડા રજૂ કરવામાં આવવાના છે. અગાઉ, આ મહિનામાં બજેટ ૨૦૨૧-૨૨ રજૂ કરતા નાણાં પ્રધાન નિર્મલા સિતારમણે રૂ. ૧.૭૫ લાખ કરોડ એકઠાં કરવા ડિસઈન્વેસ્ટમેન્ટની ઝુંબેશના ભાગરૂપ જાહેરક્ષેત્રની બૅન્કોનાં ખાનગીકરણની જાહેરાત કરી હતી. બજેટમાં જાહેર કરવામાં આવેલી બૅન્કોના ખાનગીકરણની યોજનાનો અમલ કરવા સરકાર આરબીઆઈ સાથે મળીને કામ કરશે, એમ નાણાં પ્રધાને કહ્યું હતું. સરકારે ગયા વરસે જાહેર ક્ષેત્રની ૧૦ બૅન્કને ચાર બૅન્કમાં એકીકૃત કરી હતી જેને પગલે જાહેરક્ષેત્રની બૅન્કોની કુલ સંખ્યા ૨૭થી ઘટીને ૧૨ થઈ ગઈ હતી.

### ડેમાઈ જીલ્લા પંચાયત કોંગ્રેસ ઉમેદવારે ફોર્મ પરત ખેંચતા કોંગ્રેસમાં ભૂકંપ

## ભાજપની સામ,દામ, દંડની નીતિ મુદ્દે અરવલ્લી કોંગ્રેસે ઉમેદવારોને સલામત સ્થળે ખસેડ્યા

અરવલ્લી બ્યુરો મોડાસા

રાજ્યમાં ભાજપ,કોંગ્રેસ સહિત તમામ પક્ષો સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં જંગ જીતવા એડીચોટીનું જોર લગાવી રહ્યાં છે.અરવલ્લી જીલ્લામાં સ્થાનીક સ્વરાજ્ય ચૂંટણીના જંગ પહેલા જ ભાજપ જીત તરફ આગળ વધી રહ્યું છે બાયડ તાલુકા પંચાયતની ચૂંટણીમાં કોંગ્રેસના બે બેઠકો પર ઉમેદવારોના ફોર્મ ગેરલાયક ઠરતાં કોંગ્રેસને ઝાટકો લાગ્યો હતો ત્યારે અરવલ્લી જીલ્લા પંચાયત ડેમાઈ સીટના કોંગ્રેસના ઉમેદવાર કીર્તિ પટેલે ફોર્મ પરત ખેંચી લેતા જીલ્લાના રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો હતો કોંગ્રેસે વધુ એકવાર સ્થાનીક સ્વરાજ્યની ચૂંટણીમાં વજઘાત સહન કરવો પડતા કોંગ્રેસના અગ્રણીઓ અને કાર્યકરોમાં નીરાશા ફેલાઈ હતી ડેમાઈ સીટ પરથી કોંગ્રેસના સનિષ્ઠ કાર્યકર અને યુવા નેતા કિર્તી પટેલે ફોર્મ પરત ખેંચાતા કોંગ્રેસે બાયડ તાલુકા પંચાયત અને જીલ્લા પંચાયત સીટના તમામ ઉમેદવારોને સલામત સ્થળે ખસેડી દીધા હતા અને ભાજપ કોંગ્રેસના ઉમેદવારો સામે સામ,દામ,દંડની નિતી અપનાવી રહ્યું હોવાનો આક્ષેપ કર્યો હતો ડેમાઈ સીટ પર ભાજપ અને અપક્ષો વચ્ચે સીધો જંગ જામશે અરવલ્લી જીલ્લા પંચાયત પૂર્વ ઉપપ્રમુખ અને ડેમાઈ જીલ્લા પંચાયત સીટ પર કોંગ્રેસના મેન્ડેન્ટ પરથી ઉમેદવારી નોંધાવનાર કિર્તી પટેલે તેમનું ફોર્મ પરત ખેંચી લેતા કોંગ્રેસમાં ભૂકંપ જેવી સ્થિતી પેદા થઇ હતી ડેમાઈ બેઠક પરથી ફોર્મ પરત ખેંચી કિર્તી પટેલ બંને મોબાઈલ સ્વીચ ઓફ કરી ભૂગર્ભમાં ઉતરી જતા કોંગ્રેસી નેતાઓમાં ભારે દોડધામ મચી હતી જીલ્લા પંચાયતની ૩૦ બેઠકો પરથી કોંગ્રેસે એક બેઠક ગુમાવવાનો વારો આવ્યો છે કિર્તી પટેલે કોંગ્રેસને ઉંઘતી રાખી ઉમેદવારી પત્ર પરત ખેંચી લેતા કોંગ્રેસે સ્થાનીક સ્વરાજ્યની ચૂંટણીમાં ડેમેજ કન્ટ્રોલ અટકાવવા એલર્ટ થઇ ગઈ હતી અને તમામ ઉમેદવારોને અજ્ઞાત સ્થળે મોકલી આપી ડેમેજ કંટ્રોલ કરવા પ્રયત્નશીલ બન્યા હતા

અરવલ્લી જીલ્લામાં સ્થાનીક સ્વરાજ્યની ચૂંટણીમાં જંગ જીતવા ભાજપ દ્વારા શામ દામ દંડની રાજનીતિને લઈને જિલ્લા, તાલુકા તથા પાલિકાના ઉમેદવારોને સલામત સ્થળે ખસેડવાની ફરજ પડી હોવાનું અને ભાજપ કોગ્રેસના ઉમેદવારોને ઉમેદવારીપત્ર પરત ખેંચવા દબાણ ન કરી શકે તે માટે જિલ્લા કોગ્રેસ દ્વારા કોગ્રેસના જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત તથા નગરપાલિકાના ઉમેદવારોને સલામત સ્થળે ખસેડી દેવામાં આવ્યા હોવાનું જીલ્લા પ્રમુખ કમલેન્દ્રસિંહએ જણાવ્યું હતું

જીલ્લા કોંગ્રેસ પ્રમુખ કમલેન્દ્રસિંહ પુવાર શું કહે છે વાંચો




ડેમાઈ જીલ્લા પંચાયત સીટ પરથી કોંગ્રેસના મેન્ડેટ પર કોંગ્રેસમાંથી ઉમેદવારી કરનાર કિર્તી પટેલે ફોર્મ પરત ખેંચી લેવા અંગે કમલેન્દ્રસિંહ પુવાર સાથે ટેલિફોનિક વાત કરતા તેમને જણાવ્યું હતું કે કિર્તી પટેલને ડેમાઈની સહકારી મંડળીમાં કેસ થયો હોવાથી ભાજપે સામ,દામ અને દંડની નિતી અપનાવી હોવાની અને એક પ્રકારનું દબાણ ઉભું કર્યું હોય તેમજ કીર્તિ પટેલને ડરાવવા છેલ્લા કેટલાક દિવસોથી પોલીસના ચક્કર તેમના ઘરે વધી ગયા હોવાનું મને જાણવા મળ્યું છે કદાચ કાયદાનો ડર બતાવી ઉમેદવારી ફોર્મ પરત ખેંચવા મજબુર બન્યા હોય તેવું લાગી રહ્યું છે

ભાજપ જીલ્લા પ્રમુખ રાજેન્દ્ર પટેલના જણાવ્યા અનુસાર

ડેમાઈ જિલ્લા પંચાયત સીટ પરથી કોંગ્રેસના ઉમેદવારે ફોર્મ પરત ખેંચી લેતા કોંગ્રેસ પ્રમુખે ભાજપ પર લગાવેલ સામ,દામ,દંડના આક્ષેપ અંગે જીલ્લા ભાજપ પ્રમુખ રાજેન્દ્ર પટેલ સાથે વાત કરતા જણાવ્યું હતું કે કોંગ્રેસના આક્ષેપ પાયા વિહોણા છે અને કોંગ્રેસની આંતરિક લડાઈ અને કોંગ્રેસના નેતાઓની નબળી નેતાગિરી થી થાકીને ફોર્મ પરત ખેંચ્યું હોઈ શકે છે

કોંગ્રેસ જીલ્લા પ્રમુખે પોલીસ સામે આંગળી ચીંધતા બાયડ પીઆઈ એન.જી.ગોહીએ આક્ષેપ ફગાવ્યા

કોંગ્રેસ પ્રમુખ કમલેન્દ્રસિંહ પૂવારે ડેમાઈ જીલ્લા પંચાયત સીટ પરથી ઉમેદવારી કરનાર કિર્તી પટેલના ઘરે પોલીસના ચક્કર વધી ગયા હતા અને દબાણ ઉભું કરવામાં આવ્યું હોવા અંગે બાયડ પીઆઈ એન.જી.ગોહિલ સાથે ટેલિફોનિક વાત કરતા જણાવ્યું હતું કે તદ્દન પાયા વિહોણા આક્ષેપ થઈ રહ્યા છે બાયડ પોલીસ કીર્તિ પટેલના ઘરે ન ગઈ હોવાનું જણાવ્યું હતું

# શાસ્ત્રોમાં વર્ણવાયેલ બ્રહ્મવૃક્ષ કેસુડો



હા આયુર્વેદ શાસ્ત્રમાં કેસસુડાને બ્રહ્મ વૃક્ષ તરીકે ઉલ્લેખ જોવા મળે છે.

ખીલ્યો પલાશ પુર બહારમાં રે લોલ,
સઘળી ખીલી છે વનવેલ;
ટહુકે શી આમ્રકુંજ કોકિલા રે લોલ,
ટહુકે મયુર અને ઢેલ !
બંધુ બેનીઓ ! ચાલો વસંતઋતુ માણવા.

ખાખરો અથવા કેસૂડો કે ખાખરિયા, ખાકડા, ખાખડો, ખાખર અથવા પલાશ સુંદર કેસરી/સફેદ ફૂલો ધરાવતું વૃક્ષ છે. સંસ્કૃતમાં તેને બીજસનેહ, બ્રાહ્મોપાદપ, કરક, કૃમિઘ્ન, લક્ષતરુ, પલાશ, રક્તપુષ્પક અને ત્રિપિત્રક એવા નામોથી ઓળખવામાં આવે છે.

તે એક મધ્યમ કદનું આશરે ૨૦ થી ૪૦ ફૂટ ઊંચું, પાનખરનું વૃક્ષ છે. પર્ણો ત્રણ પર્ણિકાઓ ધરાવતા પીછાકાર છે દરેક પર્ણિકાની લંબાઈની ૧૦-૨૦ સેમી જેટલી હોય છે. પુષ્પો ઘાટ્ટા કેસરી,સફેદ કે પીળા રંગનાં હોય છે તેને લાંબી કલગી પુષ્પવિન્યાસમાં ખીલે છે. તેનાં ફળ, શીંગ રૂપે આવે છે, તેનું થડ વાંકું અને ડાળીઓ પણ અનિયમિત હોય છે. તેની છાલ રાખોડિયા રંગની અને ખરબચડી હોય છે. પાંદડાં ત્રણ-ત્રણનાં ઝુમખામાં હોય છે. પાંદડાંની નીચેની સપાટી રેશમી હોવાથી તેનો દેખાવ દૂરથી ભૂરો લાગે છે. પાંદડાની નીચેની સપાટીમાં નસો ચોખ્ખી દેખાય છે. નવેમ્બર અથવા ડિસેમ્બરમાં પાદડાં ખરવા માંડે અને જાન્યુઆરીમાં લગભગ બધાંજ પાન ખરી પડે છે. એપ્રિલ અથવા મે માસમાં નવાં પાન આવે તે પહેલા મહા-ફાગણ (ફેબ્રુઆરી-માર્ચ)માં તેના ભરપુર પુષ્પો આવવાની શરૂઆત થઈ જાય છે. શિયાળાની ઋતુ પુરી થવામાં હોય ત્યારે કેસુડો મા આવતા કેસરી, સળગતી જ્યોત જેવા ફૂલો ને લીધે અંગ્રેજીમા તેને 'રી કક્ષ્ઠઢ્ઢી 'ક હ્ૌર્િંજ'જ કહે છે.

ચંદ્રનું આ પવિત્ર વૃક્ષ છે. કહેવાય છે કે સોમરસ પીધેલા ગરુડનાં પીછાંમાંથી તેની ઉત્પત્તિ થઈ છે. માટે સોમરસનો તેમાં અંશ હોવાથી ધાર્મિક ક્રિયામાં કૃષણ પૂજા, વિષ્ણુ પૂજા અને લક્ષ્મી પૂજા અભિષેક માં તેનો બહોળો ઉપયોગ થાય છે. કેસુડાના સૂકાં લાકડાં યજ્ઞમાં પણ હોમાય છે. કેટલાંક પવિત્ર વાસણ અને બ્રહ્મચારીનો દંડ કેસુડાના લાકડામાંથી બનાવાય છે. જનોઈ આપતી વખતે કેશ કાપ્યા પછી બ્રહ્મચારીને પલાશના પતરાળામાં જમવાનું વિધાન છે, તે પતરાળું ત્રણ પાનના સમૂહનું બનેલું હોય છે, જેમાં મધ્યનું પાંદડું વિષ્ણુ, ડાબું બ્રહ્મા અને જમણું શિવ મનાય છે.

કેસૂડાની બે પ્રજાતિઓ મળી આવે છે, સફેદ અને કેસરી, કેસરી કેસુડો સર્વ સામાન્ય છે પણ સફેદ કેસુડો ખૂબ જ દુર્લભતાથી મળે છે જો તે મળી જાય તો ભાગ્ય ના દરવાજા ખુલી જાય. તેના માટે તંત્ર શાસ્ત્ર માં બહુ ઉચા ફળ જણાવ્યા છે..

??પોતાના પ્રિય ફૂલોનો ઉલ્લેખ મહાભારતમાં યુધિષ્ઠિર સાથે કરતી સમયે શ્રીકૃષ્ણ કહે છે કે મને કમળ, કેસુડો, માલતી, કરવરી, ચણક અને વનની માળાના ફૂલ ખૂબ જ પ્રિય છે.

ભગવતી ગૌરી - શંકર ભગવાનને અર્પણ થતા બધા જ ફૂલ માતા ભગવતીને પણ પ્રિય છે. આ સિવાય મોગરાનું ફૂલ, સફેદ કમળ, કેસુડો, ચંપાના ફૂલ પણ માતા ભગવતી ને પ્રિય છે.

હવે આજે કેસુડાનો ઉલ્લેખ કેમ કરવામાં આવ્યો

તો ફેબ્રુઆરી અને માર્ચ મહિના દરમિયાન કેસુડાના ફૂલો ભરપુર પ્રમાણ માં મળી રેહશે, તો શક્ય હોય તેટલા તેને ભેગા કરી લેવા, અને તાપ માં સરસ સુકવી ને એક ડબ્બા માં ભરી દેવા, આ ફૂલ સકાય બાદ એક વર્ષ સુધી બગડતા નથી કે તેને કાઈ પણ થતું નથી.

હવે જયારે જયારે શિવ પૂજા, વિષ્ણુ પૂજા, શાલીગ્રામ પૂજા કે શ્રીયંત્ર પૂજા અને અભિષેક કરો ત્યારે આ સૂકાયેલ કેસુડાને આગલા દિવસે રાત્રે પાણી માં પલાળી દેવા જેથી સવારે કેસરી પાણી તૈયાર થશે, અને આ કેસુડાં ના પાણી થી શિવ, કૃષ્ણ, વિષ્ણુ, શાલીગ્રામ અને શ્રીયંત્ર ઉપર અભિષેક અદમ્ય લાભ આપનાર અને અખૂટ લક્ષ્મી સાથે રાજ્ય લક્ષ્મી અર્પણ કરનાર છે. માટે કેમે કરીને આ બે મહિના માં બને તેટલા કેસુડાં ના ફૂલ ને એકત્રિત કરી લેવાની ભલામણ કરું છુ.

બીજી એક મહત્વ ની વાત કે આ બે મહિના સુધી જ્યાં સુધી કેસુડાં ના ફૂલ મળે છે ત્યાં સુધી ઘરના દરેક સભ્યો એ કેસુડાં યુક્ત પાણી થી સ્નાન કરવામાં આવે તો, લક્ષ્મી લાભ સાથે શુઆરોગ્ય ની પ્રાપ્તિ થાય છે.

(મેં વર્ષ ભર ચાલે તેટલો કેસુડાં ના ફૂલ એત્રિત કરવાનું શરુ કરી દીધું, અને તમે )

ૐ નમો નારાયણ




## યુ.એન. મહેતા હોસ્પિટલ દ્વારા સીએમનું હેલ્થ બુલેટિન બંધ કરતા ઉઠ્યા સવાલો

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ મા આજે સભ્યો ની છ ગદ્ય રચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવી છે.

વિષય : પિતા.માતા.સંતાન...સંપર્ક સૂત્રો.......

www.janfariyadnews.com
Email : prdpraval42@gmail.com
What's up calling No : 9824653073

તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
મુખ્ય નિર્ણાયક : જયશ્રી પટેલ
સભ્ય લેખક : મીના માંગ્રોલિયા,રેખા શુક્લ,પ્રવિણા કડકિયા,શ્રદ્ધા ભટ્ટ,વિભૂતિ દેસાઈ,ભાવના (વલસાડી વાદળ)
યુ ટ્યુબ ચેનલ : janfariyadnews

---

## NOG NO-0032

વિષય - પ્રેમપત્ર
પ્રેમની અભિવ્યક્તિ
પ્રેમનો એકરાર
પ્રકારઃ- ગદ્ય
શીર્ષકઃ- પ્રેમનો એકરાર

૧૪ ફેબ્રુઆરી , વેલેન્ટાઈન ડે મારા જીવનનો અનમોલ દિવસ, જીવનમાં આટલો સુખદ વળાંક લાવશે તેની કલ્પના નહોતી કરી...

જયારથી આપણે મળ્યાં, એટલેકે પ્રેમના એકરાર નાં અહેસાસથી... ત્યારથી મારાં જીવનની દિશા જાણે બદલાઇ ગઇ . આત્મીય અને અંગત ક્ષણોને માણી ત્યારથી જીવનમાં આશા, ઉમંગ અને ઉત્સાહનાં વિવિધ રંગો જાણે જીવનમાં અવિરત ભરાતાં ગયા....

બાળપણનો પ્રેમ સાક્ષાત રૂપ લઈને મારા તન, મન અને હૃદયમાં સમાઈ ગયો.
જેને વરસોથી મન ઝંખતુ હતું,
એકાંત પળોમાં તેના હાથનો મુલાયમ સ્પર્શ સંવેદનાને ઝણઝણાવી ગયો........
વરસો સુધી મનમાં છુપાયેલી
છૂપી લાગણીઓને, ઝરણું બનીને પ્રેમનાં વહેણમાં તરવાનું અને વહેવાનું મળ્યું....
જેને કોઇ નામનાં સીમાડામાં બાંધી શકાય તેવો સબંધ આકાર પામ્યો..
દિલથી કહું છું કે તું મારા માટે ઇશ્વર સ્વરૂપ વરદાન છે.
મનમાં સંઘરેલ વાતને છેક આજે મળ્યાં અને હળ્યાં તે દિવસથી ખિલ્યાં પ્રેમનાં અરમાન.....
ક્ષણો વહેતાં વહેતાં તો વરસો વહી ગયાં.......
ફૂલો જે પ્રેમનાં મહેક્યાં હતાં તેનું સ્મરણ રહી ગયું..
આપણે તલ્લીન હતાં એકમેકનાં મેસેજમાં ... એ સમયે શું ખબર કોણ કોને શું કહી ગયું ?"
પણ પહેલી મુલાકાત એ કાયમી બની ગઈ....

મીના માંગરોલીયા મીનુ,અમદાવાદ

---

## NOG SS No : 0089

પ્રકાર : ગદ્ય
રેખા શુકલ - અમેરિકા
શીર્ષક : " પ્રેમ ની અભિવ્યક્તિ "

હું તને પ્રેમ કરું છું.
આ લખવાનું દોરવાનું નાચવાનું કૂદવાનું બંધ કરી ભણો... બધું મૂકી ડોક્ટર બની પણ કોરોનાનું માસ્ક પહેરી પહેરી સ્કીનરેશ ને પરસેવે રેબઝેબ થઈ જવાયું છે, પણ કલીગ ને પડતો માર કેવી રીતે જોતા રહું !આ માણસો ક્યારે સમજશે ? દરેકમાં
માત્ર રોષ, ઘ?ણા, ને ક્રોધ ભારોભાર ભરેલો છે.
જે કોઈ પણ ઇશ્યુ લઈને બહાર નીકળી રહ્યો છે,પણ જ્યારે ચડસા ચડસીમાં ડર,ડીપ્રેશન આવી
જાય જોઈ દુ:ખ થાય કે માણસને સુધારવાનો કોરોનાનો પ્રયાસ હજુ ટૂંકો પડ્યો છે કે. બોલીવુડમાં
મીટુ આવ્યું ત્યારથી ભગવાન મનાતા હીરો-હીરોઇન-ડાઇરેક્ટર પ્રોડ્યુસર બધાં ઉઘાડા પડ્યાં છે.
એમના પોલીટિક્સની રમતો પણ બહાર આવી ગઈ. શુશાંત સિંહ જેવા કલાકાર અભિમન્યુની જેમ સપડાયો ને આખરે આત્મહત્યા કરી બેઠો? નો વે એક વંટોળ પ્રગતિનું ને બીજું ટેકનોલોજીનું મોટુ વમળ અંદર ખેંચતું ને ત્રીજી તરફ મોંઘવારીનું બુલડોઝર ફરી વળે છે ટપ ટપ માણસો મરે છે, ખચાખચ ભીડમાં કોણ કોને મદદ કરે ? કોઈ કોઈને સાંભળતું જ નથી. પણ બધાને કંઇને કંઇ કહેવું છે માત્ર રાડો ચીસાચીસ ને બૂમોનો જ અવાજ છે. પ?થ્વી ત્રાહીમામ છે, ભાર ઓછો કરવાં તૈયાર છે.
પપ્પા મારે ડોકટર થવું છે કે નહીં તે તો પૂછો.પારણામાંથી
બાળક જાતે ઉતરે ને ખાવાનું માંગે રડે પણ મા ક્યાં છે? નહીં તો હાઇવે પર ૪ વર્ષનું છોકરું
રઝળતું કંઇ રીતે મળે..!
બાળપણ જાય ખોવાઇ, હાઇસ્કૂલ પહેલા તો મા-બાપ જાય ખોવાઈ એટલે કે ડીવોર્સ કે ડેથ.
આમ એકલતામાં જ જીવે બાળક તમે તો નામમાત્રના માબાપ. પાછા આશા રાખીને બેસો કે મારી ઘડપણ ની લાકડી બનજો મારા બાળ. ત્રાસી ગયેલ શ્વેતાએ કોરોના દર્દીઓની ખૂબ સેવા કરી ને આખરે તે પણ દર્દી બની મૃત્યુ ને આધિન થઈ.
છૂટી ગઈ ઘરની ઝંઝટ ને જવાબદારીમાંથી. મૌન બોલ્યું કોઈએ સાંભળ્યું ? હકીકત કહો તો લોકો કહે નેગેટીવીટી, વાહ રે આપની વ્યવહારિક બુધ્ધિ..!
આ તો તારું મારું સૈહારું સગવડિયો ધરમ ને ઉપરથી રાખવાનો હાથ કે હું અહીયા બેઠો છું કે બેઠી જ છું ને !અંતર ઘટ્યું કે વધ્યું છે !ઓઢી ચાદર કબર ભણી બોલી લાગણી ત્રાડ તાણી.
પ્રગતિ કે પ્રાર્થના કામ કરશે.. ?આકાંક્ષી અનંત અંતરિક્ષની યાત્રાએ નીકળી ગયો સર્વે ને પાછળ છોડી ગયો. ઘણીવાર લાગે નવા વિચારો નવીનતા ની દોડધામ ને મનની ગડમથલ કે નિર્થકતા ને ખાલીપો....!શું સમય રૂઝવે છે ઉંડા ઘા ? મારાથી થયેલી કોઈ પણ ભૂલને માટે માફી માંગુ છું કેમકે હું
તારી સાથે જ છું. હું તને પ્રેમ કરુ છું . મને તારી પરવા છે. આ ત્રણ વાત સર્વે માટે છે. અસ્તુ.

રેખા શુક્લ

---

## NOG SS No : 0089

પ્રકાર : પદ્ય
શીર્ષક : " પ્રેમ ની અભિવ્યક્તિ "
રેખા શુક્લ- અમેરિકા

તડકો ભીંજવે ઝૂમતો,
બેશરમી વર....સાદ !
નટખટ થઈ ગયો માલદાર !
લાગણીઓને ભીંજવી,
મૂશળધાર વળગતો વરસાદ
રોમ રોમ તરસ્યો ભીજવી,
ધારદાર સળગતો વરસાદ
નટખટ થઈ ગયો માલદાર ...!
કણકણ રીઝ્યું મંદમંદ મહેકાંઇ,
સોડમ પીરસતો વરસાદ
પિયુપિયુ મદહોશ મોરલો,
આંગણ નાચે પજવતો વરસાદ
નટખટ થઈ ગયો માલદાર...!
વાદળ પછવાડે વાદળું,
ઝાલું બુંદન ઝરમરતો વરસાદ
વારું તુજ પર મેહુલિયા,
તરવરાટી ચૂમતો વર...સાદ
નટખટ થઈ ગયો માલદાર...!!

રેખા શુક્લ

---

## NOG SS No : 0079

પ્રકાર? ગદ્ય
પ્રવિણા કડકિઆ
અમેરિકા
પ્રેમમાં પાગલ

પૂછીને થાય તેને પ્રેમ ન કહેવાય . એ તો બસ થઈ જાય . પેલા પર્વતમાંથી નિકળતતું ઝરણું જોયું છે ?
કયાં જશે, માર્ગ કેવો હશે, કેવી પછડાટ ખાશે, વહેશે કે સુકાઈ જાશે , કેવા કેવા અવરોધો પામશે?
પ્રેમમાં પાગલ, પગલી સાગરને મળવા ચાલી . દિશાનું સાનભાન નથી .
પ્રેમ આને કહેવાય. આપણે રહ્યાં સામાન્ય માનવી , કિંતુ પહેલાં પ્રેમની મહેક આજે પણ બદનમાં એક સુખની લહેરખીનો અનુભવ કરાવવા
સક્ષમ છે.
એવો પ્રેમ કર્યો હતો ૫૫ વર્ષ પહેલાં. એ વાતનો ઉલ્લેખ કરતાં મન ભૂતકાળમાં સરી પડ્યું.
એ સવાર પ્રથમ મિલન , હાથોમાં હાથ અને વરલી, મુંબઈનો દરિયા કિનારો . બસ પછી તો રોજની મુલાકાત , ટેકસી નહી ઘોડાગાડીમાં મુંબઈની સહેલગાહ જીવનમાં પહેલીવાર પ્રેમનો અનુભવ કર્યો હતો. જેનો રોમાંચ આજે પણ અનુભવ્યો છે. જીવનમાં ક્યાંથી કયાં આવી પહોંચી કિંતુ પ્રેમનો પમરાટ આજે પણ અકબંધ છે.
ગેરહાજરીમાં પણ હાજરી અનુભવાય તે પ્રેમની પરાકાષ્ઠા છે. સાથીનો સાથ ગુમાવ્યો પણ હાથમાં હાથનો અહેસાસ છે. માળી વિનાના બાગમાં ફુલો અને ફળો સુહાના છે? ફુલોની ફોરમ અને ફળોની મધુરતા માણી રહી છું.
પ્રેમમાં પાગલપનની જગ્યા પરિપક્વતાએ લીધી છે. હરેક શ્વાસ યાદોની બારાતની શરણાઈનાં સૂર
છેડી રહ્યા છે.

પ્રવિણા કડકિઆ અમેરિકા

---

## [ NOG SS NO. 0055

પ્રકારઃ ગદ્ય
શિર્ષક : પ્રેમપત્ર
ટૂંકીવાર્તા

ક્રિશ લગ્ન માટે થનગની રહ્યો હતો, આખુંય ફેમિલી અમેરિકાથી ઇન્ડિયા પહોંચી ગયું હતું, અરે! આ વખતે તો દાદા - દાદી પણ ઈન્ડિયા આવી ગયાં હતાં. ક્રિશે પણ મોકો જોઈ ચોક્કો મારી જ દીધો, જૈફ વયનાં દાદા પાસે પહોંચી ગયો અને પૂછવા લાગ્યો, " દાદુ, કમોન, તમારી લવ સ્ટોરી કહો ને...તમે કઈ રીતે દાદી સાથે લગ્ન કર્યા?" દાદા પણ પહોંચેલ ખેલાડી હતાં,દાદીનાં રતુંબડાં અને ઓજસ્વી ચહેરા સામે જોઈને બોલ્યાં, " જો દીકરા.. હું તો નાનપણથી જ મારા પિતા સાથે અમેરિકા ચાલ્યો ગયો હતો, અહી વર્ષો પછી એક લગ્નમાં આવ્યો અને તારી દાદી ગમી જતાં લગ્ન કરીને જ , તેને લઈને અમેરિકા ઊડી ગયો...."

" Wow.....so romantic , but who was proposed first dadu? " ક્રિશ અધીરાઈથી પૂછી બેઠો,હવે આ કહાની સાંભળવા આખો પરિવાર ભેગો થઈ ગયો ત્યારે બોખા મોઢે દાદી એ જવાબ આપ્યો , " મેં જ તારા દાદાને પ્રેમપત્ર લખ્યો હતો, ગુલાબી શાહીથી..."

"than... What happened next..?" સૌની ઉત્સુકતા વધતી જતી હતી.

" અરે ! પછી ? પછી શું?.. મે એ પ્રેમપત્ર સ્વીકારી જનમ જનમ માટે તારી દાદીનો સાથ સ્વીકારી લીધો..." દાદા હસતાં હસતાં બોલ્યા.

" અને મને તો ક્રિશ...તારા પપ્પાનો જન્મ થયો પછી ખબર પડીકે તારા દાદાને તો ગુજરાતી વાંચતાં જ નથી આવડતું, એ તો ફક્ત ગુલાબી શાહી જોઈ એ પત્ર નક્કી પ્રેમપત્ર છે એવું સમજી ગયાં હતાં...!

" અરે, પણ હું ન સમજ્યો તો કોઈ ખોટમાં નથી ગયો હો..."
દાદા પ્રેમથી દાદી તરફ જોઈને બોલ્યાં. આખો પરિવાર હાસ્યની છોળો ઊડાડીને સાથે જમવા એકત્રિત થયો...

વાતાવરણમાં વસંત વિજયી સ્મિત ફરકાવી રહ્યો હતો....

શ્રદ્ધા ભટ્ટ,વાપી

---

પત્રલેખન સ્પર્ધા.
પ્રિયજનને પ્રેમપત્ર.
શીર્ષકઃ- પુત્રવધૂને પત્ર.
પ્રકારઃ- પ્રેમપત્ર.

વહાલી મિલી.

પત્ર જોઈને નવાઈ લાગીને? મેસેજના જમાનામાં પત્ર! પત્ર લખવાનું પ્રયોજન એટલું જ કે લખાણ કોઇક કારણસર મોબાઈલમાંથી ડીલીટ થઈ શકે પરંતુ પત્રનું લખાણ ક્યારેય ડીલીટ ન થાય.સચવાયેલું રહે એટલે જ પત્ર લખું છું.

આજ સુધી અમારું ઘર હવે આપણું થશે.સાસુ-વહુનાં સંબંધો ખૂબ જ નાજુક હોય.તારા મનમાં મારા વિશે ગડમથલ ચાલતી હશે.કેવો હશે મારો સ્વભાવ! મારા સ્વભાવ અંગે તો જેટલા મોં એટલી વાત.એટલે જ હું પત્ર દ્વારા તારી સાથે સંવાદ સાધવાનો અને આપણાં સંબંધો સરળ રહે એ માટે પ્રયત્ન કરી રહી છું.

તું તારી જે કોઈ પ્રવૃતિ કરતી હોય તે લગ્ન પછી ચાલું રાખજે.એ માટે થોડુંઘણું એડજેસ્ટ કરવાની અમારી તૈયારી છે.તું મુક્તપણે દરેક બાબતની મારી સાથે ચર્ચા કરજે.કોઈ પ્રશ્ન ઉદ્ભવે તો આપણે સાથે મળીને ઉકેલ લાવીશું.આમ જ કરવાનું,આવા જ કપડાં પહેરવાનાં એવાં કોઈ જ બંધન નથી.

બસ, આજે તો આટલું જ.અવારનવાર પત્ર લખતી રહીશ.આશા રાખું,જેવા આવડે એવો તું મને પત્ર લખશે તો મને આનંદ થશે, પછી તો તારી મરજી.

ખાસ લખવાનું," તારી મા નું સ્થાન તો હું ન લઈ શકું, મા તો? મા જ હોય એનું સ્થાન કોઈથી ન જ લેવાય.પરંતુ મારામાં તને 'મા' દેખાય એવા મારા પ્રયત્નો રહેશે ?હંમેશા.ભગવાનને એટલી જ પ્રાર્થના કે મને આમ કરવામાં પ્રભુનો સહયોગ મળે.

દીકરીની વિદાયે સુનું થયેલું આંગણ તારા પગલે મહેકી ઉઠે એની રાહ જોઈ રહી છું.

લિ.

હંમેશા તારું ક્ષેમકુશળ ઈચ્છતી,
તારી સાસુનાં આશીર્વાદ.
વિભૂતિ દેસાઈ ઘાસવાલા
" સુનિકેત",દેસરા રોડ,બિલીમોરા.
તા.ગણદેવી, જિલ્લા- નવસારી.

પત્રનો ઉત્તર

---

## NOG SS No : 0044

પ્રકારઃ- ગદ્ય
વિષયઃ- પ્રેમપત્ર
શીર્ષકઃ- પુત્રવધૂનો સાસુજીને પત્ર.

પ્રેમપત્ર એટલે પ્રેમીએ પ્રેમિકાને કે પ્રેમિકાએ પ્રેમીને લખેલો પત્ર.એટલે જ મારું શીર્ષક વાંચીને આશ્ચર્ય થાય. મારો પત્ર વાંચવાથી આપનાં આશ્ચર્યનું નિરાકરણ થશે.

તા.૧૨-૨-૨૦૨૧.

પૂજ્ય મમ્મીજી,

આપની પુત્રવધૂ મિલીનાં હૃદયપૂર્વકનાં પ્રણામ.

આપનાં પત્ર દ્વારા આપનાં વિચાર જાણી આનંદ થયો.હળવીફૂલ થઈ ગઈ.

આપની વાત ગમી, માનું સ્થાન કોઈથી ન લેવાય.મારી પ્રવૃતિમાં સહકાર આપવાની આપની ભાવનાની હું કદર કરું છું.

મમ્મીજી, મેં ક્યાંક વાંચેલું એક પિતા પોતાના જમાઈને કહે છે," મારી દીકરીને જ્યારે અંહી આવવું હશે ત્યારે તમારી રજા નહીં લેય.એ સ્વતંત્ર છે, ઊઠવું હશે ત્યારે ઊઠશે.એને જેમ રહેવું હોય એમ રહેવા દેજો." વગેરે ઘણું બધું.

મમ્મીજી હું કે મારાં માવતર આ વિચારનાં નથી. મમ્મીજી શિસ્ત જેવું તો હોવું જોઈએ ને!
મારી ઈચ્છા થાય ત્યારે પિયર ચાલવાં માંડું તો મારી આપણાં ઘર પ્રત્યેની ફરજનું શું? મારે પિયર કે કોઈ બીજી જગ્યાએ જવું હોય અને એ દિવસે જ આપણે ત્યાં એવાં સંજોગો હોય કે મારે જવાનું માંડવાળ કરવું પડે એ ચાલી જાય એવું હશે તો હું મારું જવાનું માંડવાળ કરીશ.એમાં મને કંઈ મારી સ્વતંત્રતા પર તરાપ નથી લાગતી.હું એટલું સમજું કે નોકરીમાં પણ જાણ કરવી પડે તો આ તો આપણો પરિવાર છે.

અંહી હું મોડી ઉઠું પરંતુ આપણાં ઘરે બધા સાથે ચા પીવા બેસતા હોય તો હું એમ જ કરીશ.

લગ્ન પછી મારી પ્રવૃતિ ચાલુ રાખવાની,હરવા ફરવાની, બધી જ છૂટ આપના તરફથી છે.આપ એવું લખો છો કે,એ માટે થોડું ઘણું એડજેસ્ટ કરવાની આપ સૌની તૈયારી છે.એથી વિશેષ શું? કેટલાં ઉચ્ચ વિચાર આપનાં! આપ આટલી ઉંમરે એડજેસ્ટ કરી શકો તો હું કેમ નહીં?

મમ્મીજી આપ બેફિકર રહેજો.મારા તરફથી આપને ભરપૂર પ્રેમ મળશે.આપે લખ્યું છે એમ મને કોઈપણ મુંઝવણ હશે તો ચોક્કસ આપને જણાવીશ અને હળીમળીને રહીશું.

અંતમાં એટલું જ કહેવાનું,'' આપનાં દીકરાને હું ક્યારેય આપની પાસેથી દૂર નહીં કરું.આજ સુધી માત્ર દીકરાને જ પ્રેમ કરતાં હતાં હવે મને પણ કરજો."

પહેલી જ વખત પત્ર લખ્યો છે છતાં પણ ?લખવું ગમ્યું.

બસ મમ્મીજી રજા લઉં છું.

લિ.

આપની પુત્રવધૂનાં,
હૃદયપૂર્વકનાં પ્રણામ.
પીનકોડઃ- ૩૯૬૩૨૧
મોબાઈલ નંબરઃ- ૯૪૨૬૩૨૩૪૬૯

---

## NOG SS No.20

પત્ર લેખન
લેખિકા : ભાવના.' વલસાડી વાદળ '

વ્હાલા કોરોના,

આંચકો લાગ્યો ને તને આ સંબોધનથી? લાગે જ ને! કેટ કેટલાં શ્રાપ તને રોજે રોજ જો મળે છે. મને પણ તારાથી ખૂબ જ ડર લાગે છે. ક્યાંક તું મારા નાકમાં પ્રવેશી મને બીમાર ના કરી દે. તેથી જ તો મેં માસ્ક સાથે ભાઈબંધી કરી દીધી છે.

હાં તને વ્હાલો કહ્યો છે તો એનું કારણ પણ આપી જ દઉં. નહિ તો તું નફરત અને પ્રેમ વચ્ચે ઝૂલતો રહીશ પાછો. તારા લીધે રોજ સવારે શ્વાસ લેવાની પણ ફુરસદ ન રાખનારો મારા પરિવારનો દરેક સભ્ય વહેલી સવારે ઉઠી યોગા કરે છે. તારાથી બચવા જ સ્તો. સાથે બેસી ચા નાસ્તો કરવાથી લઈને રાતના ભોજન પછી પણ અમે નિરાંતે બેસી વાતો કરી લોકડાઉનમાં જ તો.

દાદા દાદીએ ભૂલકાઓને મન ભરીને રમાડ્યાં. પતિ પત્નીએ ' ક્વોલિટી ટાઈમ ' આપ્યો એકબીજાને. તું શું આવ્યો આ દુનિયામાં લોકો સ્વાસ્થ પ્રત્યે સભાન બન્યા. દેશમાં સ્વચ્છતાનાં શપથ લેવાયા. ઓટલા પરિષદ ઓછી થઈ. ઘણી ફરિયાદો પણ છે મને તારાથી પણ આજે તો તને વ્હાલો કહ્યો છે, તો ફક્ત પોઝિટિવ વાતો . રિપોર્ટમાં તું પોઝિટિવ આવે એનું દુ:ખ હવે લોકોને ઓછું થાય એવું કંઇક કર.

લોકો પરિવારનું મહત્વ સમજ્યા, ઘરનાં સાત્વિક ભોજનની ગરિમા સમજાઈ. બચત કરતાં શીખ્યા. થોડામાં ચલાવતા શીખ્યા. મિત્રોનું મહત્વ સમજાયું. અરે! લોકો પોતાની જાતને ઓળખતા થયાં. એમનામાં રહેલું હુનર બહાર આવ્યું. કારણ તું છે હોં.

એક વણમાંગી સલાહ આપી દઉં. અતીની ગતિ નહિ. બહુ રોકાયો અહીં. તું જા હવે. હું પત્ર લખતી રહીશ તને. મારા જીવનનો અનોખો અને અનન્ય નાતો છે તારો.

લિ.

તારી ઋણી, ભાવના. 'વલસાડી વાદળ'

# મતદારોની જાગૃતિ માટે પાલનપુર નગરપાલિકા વિસ્તારમાં આજથી મતદાન નિદર્શન શરૂ કરાયું



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

પાલનપુર નગરપાલિકાની સામાન્ય ચૂંટણી-૨૦૨૧ આગામી તા.૨૮ ફેબ્રુઆરીના રોજ યોજનાર છે ત્યારે નગરજનોમાં મતદાન અંગે જાગૃતિ આવે તથા ઇ.વી.એમ.માં મત આપીને રજીસ્ટર કેવી રીતે થાય તેની જાગૃતિ માટે આજ તા.૧૭ ફેબ્રુઆરીથી પાલનપુર નગપાલિકાના દરેક વોર્ડમાં ચૂંટણીના ઝોનલ ઓફિસરો દ્વારા મતદાન નિદર્શન શરૂ કરવામાં આવ્યું છે. આ મતદાન નિદર્શન આગામી તા.૨૦ ફેબ્રુઆરી-૨૦૨૧ સુધી નગરપાલિકાના તમામ વોર્ડમાં યોજાશે. જેનો વધુમાં વધુ લાભ લઇ મતદારો જાગૃત થાય તે માટે ચૂંટણી અધિકારી અને પાલનપુર પ્રાંત અધિકારીશ્રી એસ. ડી. ગિલવા દ્વારા મતદારોને અપીલ કરવામાં આવી છે. પાલનપુર નગરપાલિકાના ચૂંટણી અધિકારી અને પ્રાંત અધિકારીશ્રી એસ. ડી. ગિલવાએ જણાવ્યું કે, ઇ.વી.એમ.માં મત કેવી રીતે આપવો તેનું પ્રત્યક્ષ નિદર્શન લોકો જાતે જ કરે તે માટે પાલનપુર નગરના તમામ વોર્ડમાં ઇ.વી.એમ. મતદાન નિદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. તેમણે કહ્યું કે, ચૂંટણીના ઝોનલ ઓફિસરો જુદા જુદા વોર્ડમાં જઇ ઇ.વી.એમ. નિદર્શન યોજી મત કેવી રીતે આપવો તે અંગે નાગરિકોને સમજ આપી રહ્યાં છે. મતદાન નિદર્શનના સ્થળો આ પ્રમાણે છે.

પ્રાંત અધિકારીશ્રી એસ. ડી. ગિલવાએ જણાવ્યું કે, પાલનપુર નગરપાલિકાના આ વિસ્તારોમાં મતદાન નિદર્શન ગોઠવવામાં આવ્યું છે. જેમાં એમ. એમ. કોઠારી, નૂતન સ્કુલ, સ્વામી નારાયણ ગુરૂકુળ, કિર્તીસ્તંભ, નગરપાલિકા ચોક, રોટરી કલબ હોલ, ગાયત્રી મંદિર ત્રણ રસ્તા, મહીલા મંડળ, શક્તિનગર-૧ અને ૨, કંથેરીયા હનુમાન વડલીવાળું પરૂ અને રામાપીરનું મંદિર, રામપુરા હાઇસ્કુલ, હાઉસીંગ સોસાયટી, સલેમપુરા સ્કુલ, નાની બજાર ચોક, મોટી બજાર ચોક, તીનબત્તી ચોક, કે. મા. ચોક્સી સ્કુલ, જ્ઞાનમંદિર સ્કુલ, મીડલ સ્કુલ કેમ્પસ, જી. ડી. મોદી કોલેજ, મરઘાં વિસ્તરણ કેન્દ્ર, સરસ્વતી હાઇસ્કુલ, પટેલ ડેરી- દૂધ મંડળી જોડનાપુરા, તિરૂપતિ સાસોયટી- અમૂલ પાર્લર, ઉમીયા માતા મંદિર ચોક, બેચરપુરા- કૈલાશનગર, મીરાં ગેટ અને ગણેશપુરા- હનુમાન ચોકનો સમાવેશ થાય છે.

# નર્મદા જિલ્લામા આજદિન સુધી હેલ્થકેર વર્કર્સ અને ફ્રન્ટલાઇન વર્કર્સ સહિત કુલ-૯૬૪૯ ને કોરોના વિરોધી રસી અપાઇ

## મસૂરી ખાતેની મારી તાલીમ બાદ તા. ૧૫ મી એ સોમવારે રાજપીપલામા હાજર થઇને મેં પ્રથમ કામ કોરોના વિરોધી કોવિડ વેક્સીન લેવાનું કર્યું છે - જિલ્લા કલેક્ટરશ્રી ડી.એ.શાહ



રાજપીપલા,

દેશવ્યાપી કોરોના વિરોધી રસીકરણના ભાગરૂપે ફ્રન્ટ લાઇન વર્કરોને બીજા તબક્કાના ચાલી રહેલા કોરોના વેક્સીન અન્વયે આજે જિલ્લા કલેક્ટર ડી.એ.શાહ સહિત અન્ય ફ્રન્ટલાઇન વર્કરોએ રાજપીપલાની કોવિડ-૧૯ હોસ્પિટલ ખાતે કોરોના વિરોધી રસીનો પ્રથમ ડોઝ લીધો હતો. કોરોના વિરોધી આ રસી સુરક્ષિત હોઇ, કેન્દ્ર-રાજ્ય સરકારે નક્કી કરેલ અગ્રતાક્રમ મુજબ તમામને વેક્સીન લેવા શ્રી શાહે ભારપૂર્વક જાહેર અનુરોધ કર્યો છે.

જિલ્લા કલેક્ટર ડી.એ.શાહે જણાવ્યું હતું કે, કોવિડ-૧૯ વૈશ્વિક મહામારીમાં ભારત અને રાજ્ય સરકાર સતતપણે ચિંતીત છે.વેક્સીન બનાવવાની કામગીરી અને વેક્સીન આપવાની કામગીરીમાં શ્રેણીબધ્ધ રીતે આયોજન કરીને કેન્દ્ર-રાજ્ય સરકાર અગ્રેસર બનીને કામ કરી રહી છે. પ્રથમ તબક્કામાં ફ્રન્ટલાઇન હેલ્થકેર વર્કર્સને રસી અપાઇ હતી, જેમાં ૮૨ ટકાથી વધુ કામગીરી થઇ છે. હાલ ચાલી રહેલાં બીજા તબક્કામાં ફ્રન્ટલાઇન વર્કર કે જેમાં મહેસૂલી અને પંચાયતી રાજ સંસ્થાના કર્મચારીઓ તેમજ અન્ય અધિકારીશ્રીઓનો સમાવેશ થાય છે, તેમા પણ ૮૦ ટકા જેટલી કામગીરી થઇ ગઇ છે અને આ કામગીરી યુધ્ધના ધોરણે ચાલી રહી હોવાનું તેમણે ઉમેર્યું હતું.

જિલ્લા કલેક્ટરશ્રી શાહે વધુમાં જણાવ્યા મુજબ, ભારત અને રાજ્ય સરકારે જે અગ્રતાક્રમ નક્કી કરેલ છે તે ક્રમ પ્રમાણે તમામે વેક્સીન લેવી જોઇએ. જેથી કરીને પોતાની જાતને પણ સુરક્ષિત કરી શકીએ. તેની સાથોસાથ ફેમીલી અને આજુબાજુના લોકોના સંપર્કમાં આવે છે તેને પણ સુરક્ષા આપી શકીએ. વધુમાં તેમણે કહ્યું હતું કે, ફ્રન્ટ લાઇન વર્કર તરીકે મારે પણ તા.૧ લી ફેબ્રુઆરીના રોજ કોરોના વેક્સીન લેવી જોઇએ, પરંતુ ભારત સરકારના પ્રોગ્રામ અનવ્યે લાલબહાદુર શાસ્ત્રી નેશનલ એકેડેમી એડમિનીસ્ટ્રેશન, મસૂરી ખાતે મારી ટ્રેંનીગ હતી જે પૂર્ણ કરીને આજે હાજર થઇને મેં પ્રથમ કામ કોવિડ વેક્સીન લેવાનું કર્યું છે. કોરોના વેક્સીન અચૂક લેવી જોઇએ. વેક્સીન પ્રત્યે કોઇપણ પ્રકારની મિસઇન્ફોર્મેશન હોય તો તેનાથી ખોટી રીતે દોરાવું ન જોઇએ. કોરોના વેક્સીન સુરક્ષિત છે, મેં પોતે પણ રસી લીધી છે તેમજ અગ્રાતાક્રમ પ્રમાણે જેનો જેનો વારો આવે તેને અવશ્ય કોવિડ-૧૯ વેક્સીન લેવાનો તેમણે જાહેર અનુરોધ કર્યો છે.

કોવિડ વેક્સીનની રસી લીધા બાદ પણ માસ્ક પહેરવાં, સોશીયલ ડિસ્ટન્સ જાળવવાં અને સેનીટાઇઝેશન કરવાની કાળજી રાખવા જણાવ્યું હતું. આ તકે જિલ્લા કલેક્ટરશ્રી ડી.એ.શાહે કોવિડ વેકસીન સંદર્ભે જિલ્લામાં થયેલી કામગીરી અંગે જિલ્લા આરોગ્યતંત્ર પાસેથી અદ્યતન જાણકારી મેળવી હતી.

આ પ્રસંગે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ. કે.પી. પટેલે જણાવ્યું હતું કે, નર્મદા જિલ્લામા આજદિન સુધી કુલ-૯૬૪૯ હેલ્થકેર વર્કર્સ અને ફ્રન્ટલાઇન વર્કરોએ કોવિડ-૧૯ વેક્સીનનો લાભ લીધો છે. જિલ્લામા કોવિડ-૧૯ વેક્સીન અન્વયે ૮૦ ટકા જેટલી કામગીરી થઇ હોવાની પણ તેમણે જાણકારી આપી હતી.

આ તકે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ.કે.પી.પટેલ, સિવીલ સર્જન ડૉ.જ્યોતિબેન ગુપ્તા, અધિક જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ.વિપુલ ગામીત, ફીઝીશીયન ડૉ. જે.એલ.મેણાત વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં.

તસવીરઃ જ્યોતિ જગતાપ, રાજપીપળા

# સોના-ચાંદીના વેપારીઓ અને દુકાનદારોએ ઘરેણાં વેચવા આવનારની ભાગરૂપે સાવચેતીના પગલાં લેવાની બાબતો

મોડાસા-બુધવાર,

રાજયમાં બનતા ગુનાઓમાં સોના ચાંદીના ઘરેણાંનો ઉપયોગ થાય છે, તેમજ સોના ચાંદીના ઘરેણાંના ચોરીના ગુનાઓનું પ્રમાણ વધવા પામેલ છે. આવા ગુનાઓ આચરી ગુનેગારો ઘરેણાં તથા દાગીના સોના ચાંદી લે વેચ કરનારા દુકાનદારો, શો રૂમ વાળાઓ આવો ચોરીનો મુદ્દા માલ વેચવા આવનારની માલિકીનો માનીને અજાણતા વેચાણ રાખતા હોય છે અને ચોરીની તપાસમાં છેવટે મુદ્દા માલ રાખનાર પાસે આવી કોઈ માહિતી હોતી નથી. જેથી અજાણતા હિત સંબંધી ધરાવનાર બની જાય છે. અને વેપારીઓને બિન જરૂરી પરેશાની ભોગવવી પડે છે. આવા સોના ચાંદીના દાગીના, વસ્તુઓ, દાગીના ઓગાળીને બનાવેલ ગઠ્ઠા જેવી વસ્તુઓ વેચાણ કરવામાં આવે વેચાણ રાખનાર દુકાનદાર આવા વેચાણ આપનાર પાસેથી તેમના ઓળખના પુરાવા મેળવી ઉપલબ્ધ રાખી દુકાનદાર વેપારી નીચેના નમૂનામાં રજીસ્ટર નિભાવે તે ખૂબ જ જરૂરી છે. જેથી જિલ્લાના તમામ આવા સોના ચાંદીના વેપારીઓ, દુકાનદારોએ સોના ચાંદીના ઘરેણાંની વિગત, દાગીનાનું નામ જથ્થો/નંગ,કિમત, સોના ચાંદીના ઘરેણાં વેચનારનું નામ, સરનામું, સંપર્ક નંબર, આઈ. ડી. પ્રૂફ, મુદ્દા માલ વેચાણ આપનારની સહી સહિતની વિગતો મેળવી લેવી . ગુનાખોરી અટકાવવા માટે વેપારીઓ,દુકાનદારો આ મુજબ રજીસ્ટર નિભાવે. ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ની કલમ – ૧૪૪ હેઠળ જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી હોઇ સમગ્ર જિલ્લામાં અમલમા રહે તે રીતેનું પ્રસિધ્ધ કરવા રજુઆત કરેલ છે.

આર.જે. વલવી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ મોડાસા,અરવલ્લી ફોજદારી કાર્યરીતી અધિનિયમ – ૧૯૭૩ ની કલમ – ૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ અરવલ્લી જિલ્લાના હદ વિસ્તાર માટે આ પ્રમાણે અમલવારી કરવી. સોના ચાંદીના વેપારીઓ, દુકાનદારોએ સોના ચાંદીના ઘરેણાંની વિગત, દાગીનાનું નામ જથ્થો/નંગ,કિમત, સોના ચાંદીના ઘરેણાં વેચનારનું નામ, સરનામું, સંપર્ક નંબર, આઈ. ડી. પ્રૂફ, મુદ્દા માલ વેચાણ આપનારની સહી સહિતની વિગતો મેળવી લેવી.

આ હુકમ તા. ૧૫ એપ્રિલ ૨૦૨૧ સુધી ૬૦ દિવસ માટે અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ – ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

# રાજપીપળા નગર પાલિકાની ચૂંટણી મા કોંગ્રેસે નવો અપસેટ સર્જ્યો!

## ૨૮ બેઠકો પૈકી કોંગ્રેસે માત્ર ૧૨જ ઉમેદવારો ઊભા રાખ્યા! અને ૧૬બેઠકો છોડી દીધી!


રાજપીપળા, તા ૧૭

રાજપીપળા નગર પાલિકા ની ૨૮ બેઠકો ઉપર કુલ- ૧૧૩ ઉમેદવારો વચ્ચે ચૂંટણી સ્પર્ધાથવાની છે તેમા પહેલી વાર કોંગ્રેસે એક નવો અપસેટ સર્જ્યો છે.

જેમા ૭ વોર્ડની તમામ બેઠકો પર ભાજપા ના કૂલ ૨૮ ઉમેદવારો મેદાનમા ઉતર્યા છે.જ્યારે કોંગ્રેસના માત્ર ૧૨ ઉમેદવારોને ચૂંટણી મેદાન મા ઉતારા આશ્ચર્ય સર્જ્યુ છે.અર્થાત કોંગેસે ૧૬બેઠકો.પર પોતાના ઉમેદવારો જ નથી નોંધાવ્યા છે. એનાથી લોકોમાં આશ્ચર્ય થયું છે. જોકે કોંગ્રેસના માત્ર ૧૨ ઉમેદવારો જ ઊભા રાખતા આશ્ચર્ય સર્જ્યુ છે. કોંગ્રેસે ૧૪ ઉમેદવારો છોડી દેતા કોંગ્રેસે સામે ચાલીને હાર સ્વીકારી લીધી હોય એમ લાગે છે.

એક માત્ર ભાજપે તમામ ૨૮ઉમેદવારો ઊભા રાખતા ભાજપા ને સીધો ફાયદો થવાની શક્યતા છે. આ અંગે નર્મદા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ હરેંદ્ર વાળંદ ને પૂછતા જણાવ્યુ હતું કે અમને સારા ઉમેદવારો ના મળ્યા! જે કટ્ટર કોંગ્રેસી હતા તેમણે પણ અપક્ષ ઊમેદવારી કરી છે. કોંગ્રેસ પ્રમૂખે ઓબ્ઝર્વર સંગ્રામ સિંહ રાઠવા અને નવા વરાયેલા રાજપીપળ કા.શહેર પ્રમુખ માલવ બારોટની અને પોતાની જવાબદારી હોવા છતા આ બન્ને પર ખો આપીઅમારુ ધ્યાન જિલ્લા તાલુકા પંચાયત પર હોવાનુ જણાવી ચૂંટણી પહેલા જ કોંગ્રેસે નગરપાલિકા ગુમાવી દીધી હોવાનુ પ્રતીત થઇ રહ્યું છે. જોકે કોંગ્રેસ પોતાના ૨૮ ઉમેદવારો ઊભા ના રાખી શકતા આનાથી કોંગ્રેસ ની ઈમેજ ને મોટુ નુકશાન થવાની શકયતાછે!

# માણાવદરની સીટી સરવે કચેરીમાં પ્રાણ ફૂંકતા કંચનબેન બગડાની સરાહના




માણાવદરની એક માત્ર શહેર ની સીટી સરવે કચેરી છેલ્લા ઘણા સમયથી ન ધણિયાત જેવી હાલતમાં પડી હતી. આ કચેરીમાં માત્ર એક જ કર્મચારી હોવાથી લોકોને હાલાકી ભોગવવી પડતી હતી આ કચેરીમાં એક પટાવાળા હતા તે પણ નિવૃત્ત થતા અત્યારે એક જ અધિકારી ઉપર કચેરી ચાલે છે.કચેરીમાં એક મહિલા અધિકારી કંચનબેન બગડા કાર્યરત રહેતા હતા પરંતુ તેમની નિમણૂંક બાંટવામાં છે અને તેમની પાસે વધારાનો માણાવદર ઓફિસનો ચાર્જ હોવાથી તે ફૂલટાઇમ અહી હાજરી આપી શકતા ન હતા

મિલકત સંબંધી પ્રશ્નો સરળતાથી હલ થાય તે માટે આ મેન્ટેનન્સ અધિકારી કંચનબેન બગડા કાયમ ઉત્સુક રહેતા પરંતુ પોતાની નિમણુંક બાંટવામાં છે અને વધારાનો માણાવદર નો પણ ચાર્જ સોંપેલ છે બન્ને ગામો વચ્ચે એક જ અધિકારી હોય એટલે લોકોના કામોમાં થોડો વિલંબ થાય છે લોકોની વ્યથા અને હાલાકી જોઈને તેમણે આ કચેરીમાં પડતર રહેલા લોકોના પ્રશ્નો પોતાની ફરજ સમજી અને નોકરીના સમય પછી ના ટાઇમમાં પણ અંગત રસ લઇને ઉકેલવાનું નક્કી કરી દરેક પ્રશ્નધારકોના પ્રશ્નો ઝડપથી સોલ્વ કરવા માંડતા આ અધિકારી હાલમાં પોસ્ટ બાંટવા છે જેથી કરીને માણાવદરની સીટી સરવે કચેરીમાં કાયમી ધોરણે અધિકારી ની નિમણૂંક થાય તે માટે અહીના કેટલીક સંસ્થાઓના લોકો તથા પત્રકારોએ મહેસુલ વિભાગ ને પત્ર પણ લખ્યા છે

પોતાની ફરજનો અન્ય જગ્યાએ ચાર્જ હોવાથી રાત દિવસ જોયા વિના લોકોની સમસ્યાના પ્રશ્નો ઝડપથી ઉકેલાય તે તરફ આ મહિલા અધિકારીએ લક્ષ્ય કેન્દ્ર કર્યું છે બાંટવા અને માણાવદર વચ્ચે ની આ કચેરીમાં વીશ હજાર જેવા મકાનો ના ખાતા છે જેમાં અત્યારે ઇન્ચાર્જ અધિકારી ન જ પહોંચી શકે આ અધિકારી ની મનવ્યથા, કામનું ભારણ સરકાર સમજે અને અહી કાયમી અધિકારી ની નિમણુંક આપે તેવી સમયની માગ છે

તસ્વીર - અહેવાલ - જીજ્ઞેશ પટેલ માણાવદર

# મોડાસના મોરા ગામે પશુઓના શીકાર માટે પેંધો પડેલ દીપડો પોંજરે પુરાયો



અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લીની ગિરિમાળાઓને અડીને આવેલ ગામડાઓના રહેણાંક વિસ્તારોમાં ત્રાટકી બકરીઓ અને પશુઓનું મારણ કરતા પશુપાલકો અને લોકોમાં ભારે દહેશત જોવા મળી રહી છે ખૂંખાર દીપડાઓને પાંજરે પુરવા વનવિભાગ તંત્ર ભારે જહેમત ઉઠાવી રહ્યું છે ત્યારે મોડાસાના વણીયાદ ગામ નજીક આવેલા મોરાના જંગલ વિસ્તારમાં દીપડાનો પરિવાર જોવા મળતા લોકોમાં ફફડાટ ફેલાયો હતો વનવિભાગ તંત્રને જાણ કરતા વનવિભાગ ટીમે દીપડાને પાંજરે પુરાવા મારણ સાથે મોરાના જગલમાં પાંજરું મુકતા દીપડો શિકાર કરવાની લાલચ રોકી નહીં શકતા આબાદ પાંજરામાં ફસાયો હતો. પાંજરામાં ફસાયેલા દિપડાએ છૂટવા માટે ભારે ધમપછાડા માર્યા હતા વનવિભાગના ચોકીદારને પંજો મારતા ઈજાઓ પહોંચી હતી દીપડો પાંજરે પૂરતા મોરા સહીત આજુબાજુ પંથકના લોકો બાઈક ટ્રેકટર સહીત વીવીધ વાહનો મારફતે જોવા ઉમટ્યા હતા પાંજરે પુરાયેલ ખૂંખાર દીપડાને ટ્રેકટરમાં મોડાસા ખસેડાતા રસ્તામાં આવતા ગ્રામ્ય વિસ્તારના લોકો પણ રોડ પર ઉમટતા જાણે વનવિભાગ તંત્રએ દીપડાનો વરઘોડો કાઢ્યો હોય તેવા દ્રશ્યો પેદા થયા હતા . મોરાના જંગલમાં દીપડો દેખા દેતા અને મોરા તેમજ નજીકના કુણા ગામે ચાર દિવસમાં ખૂંખાર દીપડો બે બકરાનું મારણ કરતા લોકોમાં ફફડાટ ફેલાયો હતો દીપડાને પાંજરે પુરવા વનવિભાગને જાણ કરતા તંત્રે જંગલ વિસ્તારમાં મારણ સાથે પાંજરું મુકતા આખરે સોમવારે રાત્રે કદાવર દિપડો પાંજરે પુરાતા તોફાન કરવા માંડયો હતો. અને બહાર નીકળવા ખૂંખાર ઘુરકીયા કાઢી ધમ પછાડા કરતાં આજુ બાજુમાં રહેતા લોકો ધસી આવ્યા હતા.

દિપડો પાંજરે પુરાયા હોવાના ફોટા ઘડીકવારમાં સોશિયલ મીડિયામાં ફરતા થતા લોકટોળા તેને જોવા માટે ધસી ગયા હતા.જો કે, લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. સ્થાનિકોએ હજુ પણ બે બાળ દીપડા હોવાનું જણાવ્યું હતું પાંજરે પુરાયેલ દીપડાને ટ્રેકટરમાં મોડાસા ખસેડાતા રોડ પરના ગ્રામ્ય વિસ્તારોમાં લોકો રોડ પર ઉતરી આવ્યા હતા અને વનવિભાગના ટ્રેકટરને અટકાવી દીપડાને જોવા લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા

## મોડાસાના સાકરીયા નજીક અકસ્માતમાં ૩ ગંભીર

# કાર બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માતમાં બંને ફૂટબોલની જેમ ઉછળી ખેતરમાં ખાબક્યા



અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લામાં વાહનચાલકો ટ્રાફીકના નિયમનો ઉલાળીયો કરી બેફામ ગતિએ વાહન હંકારતા હોવાથી સતત અકસ્માતની ઘટનાઓ સર્જાઈ રહી છે મોડાસાના સાકરીયા નજીક રોંગ સાઈડ આવતા બાઈક અને કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો અકસ્માત બાદ કાર અને બાઈક ફૂટબોલની માફક ફંગોળાઈ રોડ નજીક આવેલ ખેતરમાં ખાબકતા કાર અને બાઈકનો કડૂચાલો નીકળી ગયો હતો અકસ્માતની ઘટનાના પગલે આજુબાજુથી દોડી આવેલા લોકોએ અકસ્માતમાં ઈજાગ્રસ્ત ત્રાણ લોકોને સારવાર અર્થે દવાખાને ખસેડી દીધા હતા

બુધવારે બપોરના સુમારે, મોડાસા-ગોધરા હાઈવે પર આવેલા સાકરીયા ગામ નજીક બાઈક ચાલક રોંગ સાઈડે આવી રહ્યો હતો સામેથી ફુલસ્પીડે આવતી કારે બાઈકને ધડાકાભેર ટક્કર મારતા બાઈક અને કાર હવામાં ફંગોળાઈ રોડ નજીક આવેલા ખેતરમાં ખાબક્યા હતા

બાઈક સવાર બે રાજસ્થાની યુવક સહીત ત્રાણ લોકોના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ધડાકાભેર અકસ્માતને પગલે ગ્રામજનો દોડી આવ્યા હતા અને ત્રાણે ઈજાગ્રસ્તોને સારવાર અર્થે દવાખાને ખસેડી દીધા હતા અકસ્માતની ઘટનાના પગલે મોડાસા રૂરલ પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી



આજરોજ માણસા ખાતે આનંદી માઁના વડલે સેવાનુરાગી દિનેશભાઈ વ્યાસ ના ભાવપૂર્વકના નિમંત્રણથી રાજયસભાના પુર્વ સાંસદ તેમજ ભારતીય જનતા પાર્ટીના સીનીયર આગેવાન, પ્રદેશના અ. જાતિ મોરચાના પ્રમુખ અને સવધણ સમાધિ સ્થાન, ઝાંઝરકા ના મહંતશ્રી પ. પૂ.શ્રી શંભુનાથજી ટુંડીયા બાપુએ ભારતીય જનતા પાર્ટીના અગ્રણી શ્રી ગૌતમભાઈ ગેડીયા સાથે મુલાકાત લઈ પંચદેવ મંદિરે દર્શન કરી સેવાનુરાગી દિનેશભાઈ વ્યાસ ની સેવાકીય પ્રવૃત્તિઓથી વાકેફ થઈ રાજીપો વ્યકત કરી આશીર્વાદ પાઠવ્યા હતા.

સેવાનુરાગી - દિનેશભાઈ વ્યાસ

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.